ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 073 Issue No. 11 Date : 16-02-2026

## આ અંકમાં

| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | આત્માને જાણીએ (૭) |
| અનુરાધા પ્રસાદ, અનુ. રાજેન્દ્ર દવે | ૦૪ | મહાત્મા ગાંધી અને શ્રી અરવિંદ પુસ્તક લેખમાળા - ૮ : લોકશાહી, મૂડીવાદ, સમાજવાદ, સામ્યવાદ વગેરેના ભૌતિકવાદી આધારોનું ખંડન |
| રજની દવે | ૦૮ | 'ભૂમિપુત્ર-૭૫' અમૃત મહોત્સવ ઉજવણી આયોજન મિટિંગ |
| રશાંસ | ૦૯ | વાંચન થાળ |
| રજની દવે | ૧૫ | રમીલાબહેન ગાંધી : શિક્ષણ અને સેવા માટે સમર્પિત વ્યક્તિત્વ |
| રાજુ રૂપપુરીયા | ૧૮ | વલ્લભભાઈ પટેલ : સરદારને સમજીએ - ૨ |
| ભદ્રા સવાઈ | ૨૦ | સર્વોદયપ્રેમી : પદ્માબહેન |
| તુલા-સંજય | ૨૧ | ‘કહત ગાંધી – સુનો સબ સિટિઝન’ યાત્રા |
| હસિત મહેતા | ૨૩ | ભાવભર્યું આમંત્રણ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | પાછા ફરવું |

યજ્ઞ પ્રકાશન

(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month

ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર

**BHOOMIPUTRA**
Gujarati Fortnightly

ભૂમિપુત્ર

Price Rs.20, Annual Sub. Rs.300.
**Vol.73 Issue No.11 1951 Date : 16-02-2026**
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# આત્માને જાણીએ (૭)

❍ વિનોબા ❍

## આત્મજ્ઞાન અને ભક્તિ – આત્મજ્ઞાન વિજ્ઞાન અને આત્મજ્ઞાની

### ■ આત્મજ્ઞાન અને ભક્તિ

હિંદુસ્તાનના ભક્તિમાર્ગની આ એક ખૂબી રહેલી છે કે અહીં આત્મજ્ઞાનના આધાર વગરનો કોઈ પણ ભક્તિપંથ ચાલશે નહીં. પછી તે શૈવસિદ્ધાંત હોય, ચાહે શંકરવેદાંત હોય, ભલે તે રામાનુજાવેદાંત હોય કે અન્ય કોઈ સિદ્ધાંત હોય. આપણે ત્યાં આત્મજ્ઞાનની બેઠક પર જ ભક્તિમાર્ગની સ્થાપના થઈ છે. આત્મજ્ઞાન એ આપણા જીવનની બુનિયાદી વસ્તુ છે અને એના માટે શાસ્ત્રપારંગતતાની જરૂર નથી, પણ શ્રદ્ધાની જરૂર છે. આપણા હૃદયનો મુખ્ય હિસ્સો ભક્તિભાવથી સંપન્ન હોવો જોઈએ.

આત્મજ્ઞાન એ કોરી જાગૃતિની કસરતથી નહીં થાય. તો પછી તે કેવી રીતે થશે ? શું અભ્યાસ કરવાથી થશે ? નહીં, એના માટે એક જ ઉપાય છે કે – ''સાચા દિલથી પ્રેમપૂર્વક ભગવાનની ભક્તિ કરવી.'' તમે રજ અને તમ ગુણોને જીતી લેશો અને સત્ત્વગુણને સ્થિર કરીને એની ફળાસક્તિને પણ જીતી લેશો, પણ એટલાથી કામ થવાનું નથી. જ્યાં સુધી આત્મજ્ઞાન થયું નથી, ત્યાં સુધી કામ ચાલવાનું નથી અને અંતે ભગવતકૃપા જોઈશે. તમે ભલે ગમે તેટલી સાવધાની રાખો, દક્ષતા રાખો, પણ જ્યાં સુધી આત્મજ્ઞાન થયું નથી, આત્મદર્શન થયું નથી, ત્યાં સુધી ખતરો જ સમજવો. એટલા માટે ગમે તેમ કરીને પણ આત્મજ્ઞાન પ્રાપ્ત કરી લેવું જોઈએ. તમારા પ્રયત્નોને સોળ આના સફળ થવા માટે આત્મજ્ઞાનની જરૂર છે અને ભક્તિ વગર આત્મજ્ઞાન શક્ય પણ નથી.

જે ભક્ત છે તે આત્મજ્ઞાનની પણ ચિંતા કરતા નથી, તેઓ ભક્તિની ચિંતા કરે છે. એમણે પોતાના જ્ઞાનની ચિંતા ઈશ્વરને સોંપી દીધેલી હોય છે. ભક્તની તો કેવળ એક જ ચિંતા હોય છે કે મારાથી ભક્તિ કેવી રીતે થશે ? અને કહે છે કે મારા જ્ઞાનની ચિંતા ભગવાન કરશે. ભગવાન કહે છે કે હું એમને આત્મસાક્ષાત્કાર માટે જ્ઞાન આપું જ છું – ददामि बुद्धियोगम् । – બુદ્ધિયોગ એટલે જે જ્ઞાન દ્વારા માણસ ઈશ્વર પાસે પહોંચે છે.

શંકરાચાર્ય કહે છે – स्वस्वरूपानुसंधानं भक्तिर् ईत्यभिधीयते । શંકરાચાર્ય અનુસાર મોક્ષ માટે ભક્તિ બધાં સાધનોમાં શ્રેષ્ઠ છે, માટે નિત્ય પોતાના સ્વરૂપની સાથે આપણે સંલગ્ન રહીએ. જોડાયેલા રહીએ. એમણે તો ભક્તિનો અર્થ જ જ્ઞાન કરી લીધો છે.

આત્માનું જ પરમ અને સ્વચ્છતમ રૂપ પરમેશ્વર છે અને 'ઈશ્વર-ભક્તિ' એ આત્મપ્રયત્નની પરાકાષ્ઠા છે. આત્મપ્રયત્ન દ્વારા હૃદયશુદ્ધિ કરવી એ જ આપણી મુખ્ય સાધના છે.

### ■ આત્મજ્ઞાન – વિજ્ઞાન


આત્મજ્ઞાન અને વિજ્ઞાન એ મનુષ્યરૂપી પક્ષીની બે પાંખો છે. આ પક્ષી આ પાંખોને આધારે વિહાર કરે છે. એની આ બે પાંખોમાંથી કોઈ પણ એક પાંખ તૂટી જાય તો એ ઊડી શકતું નથી. પંખીને તો બંને પાંખોની જરૂર છે. આમ મનુષ્ય આત્મજ્ઞાન અને વિજ્ઞાન – આ બંનેમાં સમત્વ રાખીને વિકાસ કરશે તો એને સમાધાન મળશે.

માણસના મુખ્ય બે હિસ્સાઓ – એક શરીર અને બીજો આત્મા. આ બંને હિસ્સાઓના વિકાસ માટે લોકો પ્રયત્ન કરી રહ્યા છે. લોકોને શરીર માટે વિજ્ઞાનની અને આત્મકલ્યાણ માટે આત્મજ્ઞાનની મદદ મળી છે. વિજ્ઞાન તે છે જે સૃષ્ટિમાં, પ્રકૃતિમાં જે કર્મ ચાલી રહ્યાં છે, એના કાયદાકાનૂનની શોધ કરે છે. જેમ કે હવા, પાણી વગેરે પદાર્થોના કયા-કયા ધર્મો છે, તે કેવી રીતે કામ કરે છે, એમના નિયમો અને વ્યવસ્થા વગેરે શું છે – વિજ્ઞાન આ બાબતોની ચર્ચા કરે છે.

આત્મજ્ઞાન એ વિજ્ઞાનથી જુદું છે. આત્મા શું છે, પરમાત્મા શું છે, એનું સ્વરૂપ શું છે, સૃષ્ટિની રચના કેવી છે, આ બધાનો પારસ્પરિક સંબંધ કેવો છે, ઈશ્વર અને જીવનું શું સ્વરૂપ છે, તત્ત્વજ્ઞાન આ બધી ચર્ચા કરે છે.

'કેમ ?' 'શા માટે ?' આત્મજ્ઞાન હલ કરે છે. અને 'કેવી રીતે(?)'નો ઉત્તર વિજ્ઞાન આપે છે.

વિજ્ઞાન છે, ભૌતિક ઉન્નતિ. આત્મજ્ઞાન છે, આધ્યાત્મિક ઉન્નતિ. બંને પરસ્પર આધારિત છે. આ બંનેમાંથી એક પણ ન રહ્યું, તો રૂપ જ બનશે નહીં. બંને એક છે.



'ગાંધીયુગની ચેતનાના ચિત્ર સર્જકઃ સરલાદેવી મઝૂમદાર' પુસ્તક પરિચય રંગીન ચિત્રો

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વિજ્ઞાન અને આત્મજ્ઞાન વચ્ચે સમાન તત્ત્વ એક જ છે કે એ બંને સત્યની શોધમાં લાગેલાં છે. સત્ય પૂર્ણ છે, એમાં શંકા નથી. પરંતુ તેનાં બે પાસાં છે. એક એનું સ્થૂળ રૂપ છે અને બીજું એનું સૂક્ષ્મ તત્ત્વ છે. વિજ્ઞાન તેના સ્થૂળ સ્વરૂપની શોધમાં લાગ્યું છે અને તે કરતાં-કરતાં ક્રમશઃ તે સૂક્ષ્મ તત્ત્વની તરફ વધશે અને એનું પણ અનુસંધાન કરવા લાગશે.

વિજ્ઞાન નીતિ-નિરપેક્ષ છે; એ ન તો નૈતિક (મોરલ) છે, ન તો અનૈતિક (ઇન્મોરલ) છે. એટલા માટે એને મૂલ્યોની જરૂર છે. વિજ્ઞાનમાં બેવડી શક્તિ છે - એક વિનાશક શક્તિ અને બીજી વિકાસ-શક્તિ. વિજ્ઞાન સેવા પણ કરી શકે છે અને સંહાર પણ કરી શકે. આવી સ્થિતિમાં વિજ્ઞાનને ખોટું માર્ગદર્શન મળે, તો તે નરકનો માર્ગ બની જાય છે પરંતુ યોગ્ય માર્ગદર્શન મળે છે, તો સ્વર્ગનો માર્ગ બની જાય છે. યોગ્ય માર્ગદર્શન આત્મજ્ઞાનથી જ મળી શકે છે.

વિજ્ઞાન એનાલિસિસ (વિશ્લેષણ) છે અને આત્મજ્ઞાન સિંથેસિસ (સંશ્લેષણ) છે. એક બહારનાં પ્રમાણોથી માલૂમ પડે છે. બીજા માટે આંતરિક પ્રતીતિ જોઈએ. વિજ્ઞાનમાં પ્રયોગશાળામાં પ્રયોગ થાય છે, જ્યાં બધી બહારની વસ્તુઓ હોય છે. આત્મજ્ઞાનમાં મન પર પ્રયોગ કરવાની વાત છે. આ સૃષ્ટિ જેટલી બહાર છે, એટલી જ અંદર છે. વિજ્ઞાન ઇંદ્રિયગ્રાહ્ય જ્ઞાનની શોધ કરે છે.

વિજ્ઞાન ગતિ આપે છે અને આત્મજ્ઞાન દિશા બતાવે છે. મોટરકારની અંદર ગતિ આપવા માટે અલગ વ્યવસ્થા હોય છે અને દિશાસૂચક વ્યવસ્થા પણ અલગ હોય છે. વિજ્ઞાન ગતિ છે, એનામાં દિશાસૂચન કરવાની શક્તિ નથી. એ શક્તિ તો આત્મજ્ઞાનમાં છે. આપણે પગથી ચાલીએ છીએ, આંખો દ્વારા આપણને દિશાની ખબર મળે છે. એવી રીતે આત્મજ્ઞાન એ આંખ છે અને વિજ્ઞાન પગ છે. જો માણસને આત્મજ્ઞાનની દૃષ્ટિ ન હોય તો તે અંધ છે, ખબર ન પડે કે તે ક્યાં જતો રહેશે; અને જો આંખો હોય, પણ પગ ન હોય, તો બેઠા જ રહેવું પડશે. એક છે પ્રાણ અને બીજું છે મન. એક છે શક્તિ અને બીજી છે બુદ્ધિ. એક માર્ગદર્શક છે, તો બીજું ગતિવર્ધક છે. જીવનમાં આ બંનેની જરૂર પડે છે. આત્મજ્ઞાનના માર્ગદર્શનમાં વિજ્ઞાન કામ કરશે તો પૃથ્વી પર સ્વર્ગ આવશે.

વિજ્ઞાન જેમ જેમ વિકસતું જશે, તેમ તેમ જ્ઞાતનો વિસ્તાર પણ વધશે અને એની સાથે અજ્ઞાતનો વિસ્તાર પણ વધશે. જ્ઞાત એટલે આપણે જેને વ્યક્ત કહીએ છીએ તે - એમાં વિજ્ઞાનની શોધ થતી હોય છે. અને અજ્ઞાત અર્થાત્ જે અવ્યક્ત છે. તેમાં આત્મજ્ઞાનની શોધ થતી હોય છે. વિજ્ઞાન, આત્મજ્ઞાન અને સાહિત્ય - આ ત્રણેય શક્તિઓ દુનિયાને બનાવનાર શક્તિઓ છે. વિજ્ઞાન દ્વારા સ્થૂળ રૂપ બદલાઈ જાય છે અને મન પર અસર કરનારી પરિસ્થિતિ નિર્માણ પામે છે. પરંતુ તે મન પર સીધી અસર કરી શકતું નથી. વાણી વિજ્ઞાનથી પણ આગળ વધીને સીધી હૃદયને સ્પર્શે છે અને તે હૃદય સુધી પહોંચી જાય છે. આત્મજ્ઞાન અંદર પ્રકાશ ફેંકે છે. વિજ્ઞાન બહાર રહે છે. આ બંનેની વચમાં રહીને વાણી પુલ બને છે, જે આ બંનેને જોડવાનું કામ કરે છે.

વિજ્ઞાને ઘણા બધા નવા-નવા પ્રયોગો કર્યા છે. હવે આણ્વિક શક્તિની શોધ કરી છે, માટે હવે એવી જ રીતે માણસને આત્મજ્ઞાનમાં રહેલી આણ્વિક શક્તિ પ્રકટ કરવાની આવશ્યકતા છે. આ આત્મજ્ઞાનની શોધની અંદર અણુ એ છે, જે સૂક્ષ્મ છે અને હૃદયની અંદર છે. એ અણુ ભલે આકારમાં ગમે તેટલો નાનો હોય, એનો સ્ફોટ એટલો જ પ્રચંડ છે.

મનુષ્યના જીવનને આકાર આપનારી બે તાકાતો - જેમાં એક છે વિજ્ઞાન અને બીજી શક્તિ છે આત્મજ્ઞાન. અત્યારે વિજ્ઞાનની શક્તિ વિદ્યમાન છે, ત્યારે આપણે આધ્યાત્મિક ક્ષેત્રમાં ઊંડે ઊતરવું જોઈશે. પ્રાચીનકાળના લોકો જેટલા ઊંડાણમાં ઊતર્યા હતા, એમના કરતાં પણ વધુ ઊંડાણમાં જવું પડશે. જેવી રીતે વિજ્ઞાનને લીધે કેટલાક લોકો પાસે એવી શક્તિ આવી ગઈ છે કે તેઓ ઘર બેઠા આખી દુનિયાને ખતમ કરી દઈ શકે, એવી જ રીતે આપણે પણ ઘર બેઠા એવી આધ્યાત્મિક શક્તિ વિકસાવવી જોઈશે, કે જેની અસર આખી દુનિયા પર થાય.

અત્યારે આ યુગમાં આખી દુનિયામાં વિજ્ઞાન અને આત્મજ્ઞાન વચ્ચે સ્પર્ધા ચાલી રહી છે. વિજ્ઞાન આત્મજ્ઞાનને ખેંચી રહ્યું છે. સ્થિતિ આનાથી ઊલટી હોવી જોઈએ. - આત્મજ્ઞાન આગળ અને સૃષ્ટિજ્ઞાન પાછળ રહેવાં જોઈએ. અત્યારે વિજ્ઞાન આગળ આવી ગયું છે અને આત્મજ્ઞાન પાછળ રહી ગયું છે, તો આના લીધે જીવનમાં વિસંગતિ આવી શકે. આ બંને સમાનાંતરે હોવાં જોઈએ. વિજ્ઞાન બાહ્ય શક્તિ છે તો આત્મજ્ઞાન અંતરની શક્તિ છે. આ બંનેનો વિકાસ થવો જોઈએ. આજે વિજ્ઞાન અને આત્મજ્ઞાનના સમન્વયની જરૂર છે. એના વગર દુનિયાનો ઉદ્ધાર થવાનો નથી. બંને શક્તિઓનો યોગ થવો જોઈએ. આ બંને મળીને જે બનશે, તે પૂર્ણ બનશે.

વિજ્ઞાન દ્વારા મનુષ્યને સુખનાં અનેકાનેક સાધનો મળ્યાં. જેને લીધે મનુષ્યના જીવનનો આ અંશ બહુ વિકસ્યો. વિજ્ઞાને સુખનો વિસ્તાર તો કર્યો પરંતુ આજે મનુષ્ય પાસે આંતરિક સમાધાન મેળવવાની દૃષ્ટિ અને અવકાશ રહ્યાં નથી. અને એટલા માટે જે વિકાસ થઈ રહ્યો છે

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | આત્માને જાણીએ (૭) |
| ડૉ.અનુરાધા પ્રસાદ<br>અનુ.રાજેન્દ્ર દવે | ૪ | લોકશાહી, મૂડીવાદ, સમાજવાદ, સામ્યવાદ વગેરેના ભૌતિકવાદી આધારોનું ખંડન-૮ |
| રજની દવે | ૮ | ભૂમિપુત્ર-૭૫ અમૃત મહોત્સવ ઉજવણી આયોજન મિટિંગ |
| રશાંસ | ૯ | વાંચનથાળ |
| રજની દવે | ૧૫ | રમીલાબહેન ગાંધી : શિક્ષણ અને સેવા માટે સમર્પિત વ્યક્તિત્વ |
| રાજુ રૂપપુરીઆ | ૧૮ | વલ્લભભાઈ પટેલ : સરદારને સમજીએ-૨ |
| ભદ્રા સવાઈ | ૨૦ | સર્વોદય પ્રેમી : પદ્માબહેન |
| સંજય તુલા | ૨૧ | 'કહત ગાંધી - સુનો સબ સિટીઝન' યાત્રા |
| હસિત મહેતા | ૨૨ | ભાવભર્યું આમંત્રણ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | પાછા ફરવું |




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

તે એકાંગી થઈ રહ્યો છે. આના પરિણામે આપણે સુખ તરફ જવાના પ્રયત્નો કરતા હોવા છતાં પણ દુઃખી થઈ રહ્યાં છીએ. આનું કારણ જ આ છે કે આપણે આત્મા તરફ ઓછું ધ્યાન આપીએ છીએ અને શરીર તરફનું ધ્યાન વધી ગયું છે. આત્માના જે અનંત ગુણો છે, એનો વિકાસ થઈ રહ્યો છે. સુખનાં સાધનો વધી ગયાં છે, તેના પર નિયંત્રણ રાખવાની અક્કલ તો આત્માના ગુણોમાં રહેલી છે, પણ તેની તરફ ધ્યાન અપાઈ રહ્યું નથી.

હું વિજ્ઞાનને ઘણો બધો પ્રેમ કરું છું. માણસને સૃષ્ટિની શક્તિઓનું ભાન થવું, એનું જ્ઞાન થવું, તે બધાં નિયંત્રણમાં આવવાં એ બાબત ઘણી સારી છે. વિજ્ઞાનની પ્રગતિને કોઈ રોકી શકે નહીં. બલ્કે એને રોકવાની જરૂર પણ નથી. પરંતુ વિજ્ઞાને યોગ્ય પ્રગતિ કરવી હોય તો એને એકદમ ઉચિત માર્ગદર્શન મળતું રહેવું જોઈએ. અને આ માર્ગદર્શન આત્મજ્ઞાન જ આપી શકે તેમ છે.

આજ સુધી દુનિયામાં ઘણી બધી શક્તિઓ કામ કરતી હતી, એમાંની ઘણી બધી તાકાતો નબળી પડી રહી છે. એમાંની એક તાકાત છે ધર્મપંથોની તાકાત. આ પંથોએ ઘણું બધું કામ કર્યું - મનુષ્યના આંતરિક સ્રોતને શોધવા માટે ઘણા પ્રયત્નો કર્યા. અમુક હદ સુધી મનુષ્યને એકઠા પણ કર્યા, અને એને તોડ્યા પણ ખરા. હવે તો આ પંથો સંપ્રદાયો બની ગયા છે, અને રોકાઈ ગયા છે. એ વહેતા ઝરણા જેવા રહ્યા નથી. અને વિજ્ઞાન વધવાની સાથે તેનો કોઈ ઉપયોગ પણ રહ્યો નથી.

જેવી રીતે ધર્મપંથ આંતરિક ક્ષેત્રમાં કામ કરે છે, એવી રીતે બાહ્ય ક્ષેત્રમાં કામ કરનારી તાકાત છે, રાજનીતિની. આ રાજનીતિએ રાષ્ટ્રવાદના નામે કેટલાક લોકોને જોડ્યા, તો કેટલાક લાકોને તોડ્યા પણ ખરા. હવે રાજનીતિ મનુષ્યોને જોડવાની શક્તિ રાખતી નથી, ધર્મપંથ અને રાજનીતિના દિવસો પૂરા થઈ ગયા છે, અને વિજ્ઞાનના પ્રકાશ સામે ટકી શકવાના નથી. હવે રાજનીતિએ જવાનું છે અને બીજા નાના-નાના ધર્મપંથોએ પણ જવાનું છે. અનેક પ્રકારની ઉપાસનાઓ જૂની થઈ ગઈ છે. આ ઉપાસના પદ્ધતિઓ માણસના હૃદયને વધુ સંકુચિત કરી રહી છે અને એક માણસથી બીજા માણસને વિખૂટા પાડી રહી છે. આવી બધી ઉપાસનાઓ અને તે સંબંધી ઊપજનારાં કાર્યો દૂર થઈ જવાં જોઈએ; ત્યાર બાદ જ ધર્માનુસાર આત્મવિદ્યા વિકસી શકે. વિજ્ઞાન અને આત્મજ્ઞાન ટકશે અને ભવિષ્યમાં મનુષ્યને જોડવાનાં કામો પણ ચાલશે.

હું તમારી સામે બે સમીકરણ રજૂ કરું છું - (૧) રાજનીતિ + વિજ્ઞાન = સર્વનાશ. (૨) આત્મજ્ઞાન + વિજ્ઞાન = સર્વોદય (સ્વર્ગ)

જો આત્મજ્ઞાન અને વિજ્ઞાન એક થઈ જાય તો આ દુનિયામાં સ્વર્ગ આવશે. આપણે વિજ્ઞાનનો લાભ લેવો હોય, વિજ્ઞાન દ્વારા કામ કરાવવું હોય, તો એની સાથે આત્મજ્ઞાનને જોડવું પડશે. અને વિજ્ઞાનનો ફાયદો ન લેવો હોય, અને એના દ્વારા મરી જવું હોય તો તેની સાથે રાજનીતિને લાવીએ.

આજે તો માનવમન પર વિજ્ઞાન અને આત્મજ્ઞાનના હુમલાઓ થઈ રહ્યા છે. વિજ્ઞાન મનને મહત્ત્વ આપતું નથી. એ તો પ્રત્યક્ષ સ્થિતિને, ઑબ્જેક્ટિવ ટ્રૂથને મહત્ત્વ આપે છે. આત્મજ્ઞાન પણ મનને મહત્ત્વ નથી આપતું. આત્મજ્ઞાન તો કહે છે કે મન તો વિકારોથી ભરેલું છે. આપણે એના સાક્ષી છીએ, આપણે એનાથી અલગ છીએ. આત્મજ્ઞાન ભલામણ કરે છે કે આપણે મનને વશ ન થવું જોઈએ, પણ મનના સાક્ષી બનીને વર્તવું જોઈએ. ઉપનિષદમાં કહ્યું છે, प्राणो ब्रह्मेति, मनो ब्रह्मेति, विज्ञानं ब्रह्मेति । વિજ્ઞાનની ભૂમિકા એ મનથી ઉપરની ભૂમિકા છે. આજનું વિજ્ઞાન આપણને એ ભૂમિકાએ પહોંચવા માટે જબરદસ્તી કરી રહ્યું છે. આજે આ વિજ્ઞાનયુગમાં આપણે બધાંએ પોતપોતાની મનોભૂમિકાઓ ભૂલી જવી પડશે. અને તે પણ આધ્યાત્મિક પ્રયત્નો કરીને ભૂલવા પડશે. આનો અર્થ એ થયો કે વિજ્ઞાન આધ્યાત્મિક ચિંતન કરવા માટે જબરદસ્તી કરી રહ્યું છે. એટલા માટે આજે વિજ્ઞાનયુગમાં આપણે બધાંએ પોતાની મનોભૂમિકાને ભૂલી જવી પડશે અને તે ભૂલવા માટે આપણે આધ્યાત્મિક પ્રયત્નો કરવાના રહેશે. આનો અર્થ એ થાય કે આજે વિજ્ઞાન આધ્યાત્મિક ચિંતન કરવા માટે જબરદસ્તી કરી રહ્યું છે.

આત્મજ્ઞાન અને વિજ્ઞાન આ બંને ઇચ્છે છે કે માણસે શરીરથી અલગ થઈને વિચારવું જોઈએ. એક, માણસની અંતર્નિષ્ઠાના હેતુ માટે ઇચ્છા કરે છે, તો બીજું, સમાજ સાથે એકરૂપતાના હેતુથી ઇચ્છે છે.

જેવી રીતે વિજ્ઞાન આગળ કોઈ ભેદ ટકતા નથી, એવી રીતે આત્મજ્ઞાનની સામે પણ ભેદ ટકી શકતા નથી. વિજ્ઞાન અને આત્મજ્ઞાન, આ બંને ભેદ પર સીધો પ્રહાર કરે છે. આત્મજ્ઞાન આત્માની ઉન્નતિની દૃષ્ટિથી જુએ છે અને માટે તે સીધો પ્રહાર કરે છે. વિજ્ઞાન ઈહલોક (દુનિયામાં)માં મનુષ્ય કઈ રીતે ટકી શકે છે, એનું દર્શન કરાવે છે. વિજ્ઞાન કહે છે કે તમે ભેદ અને સંકોચ રાખશો તો પછી માનવનો સ્વીકાર કરી નહીં શકો.

મને આ જીવનમાં તુચ્છ પામર જેવું કંઈ જ મળ્યું નથી. મને જે પણ મળ્યું છે તે આકાશ સમાન વિશાળ અને વ્યાપક મળે છે; પછી ભલેને તે એકદમ ક્ષુદ્ર મનાયેલું નાનકડું જીવજંતુ પણ કેમ ન હોય ! અસંખ્ય આકાશ એકબીજાને મળી રહ્યાં છે, આવું મારું અદ્‌ભુત દર્શન છે. જાણે કે મારા માટે આકાશોની ખાણ ખૂલી ગઈ છે.

કહેવાય છે કે પરમેશ્વર ઋજુ અને કુટિલ અનેક વેશ ધારણ કરીને લીલા કરી રહ્યો છે. પરંતુ મારા મટે તે ક્યાંય પણ કુટિલ કે વક્ર નથી. જે પણ કંઈ છે તે ઋજુરૂપ અને સરળ જ છે. ઉપર-ઉપરથી કોઈ કામ-ક્રોધ અથવા ઈર્ષ્યા, દ્વેષ, અસૂયા વગેરેથી પ્રેરાઈને વ્યવહાર કરતો દેખાય તો પણ, એના એ વિકારોના મૂળમાં તો શુભાકાંક્ષા જ ભરેલી છે. આ મેં એના હૃદયમાં પ્રવેશીને જોઈ લીધું છે. વિકારોના મૂળમાં છુપાઈને રહેલી બ્રહ્મ-પ્રેરણા, અને વિકારોની બ્રહ્માકારતા ઓળખી લેવાથી મને બધાં માટે સહજ સહાનુભૂતિ થાય છે.

(ક્રમશઃ)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# લોકશાહી, મૂડીવાદ, સમાજવાદ, સામ્યવાદ વગેરેના ભૌતિકવાદી આધારોનું ખંડન

**આજ**નો યુગ લોકશાહીનો યુગ છે અને વિશ્વના મોટાભાગના દેશ પોતાને પ્રજાતાંત્રિક કહે છે. 'લોકતંત્ર' શબ્દને આજે અતિઅધિક પ્રતિષ્ઠિત મનાય છે. પ્રજાતંત્રનું અંગ્રેજી રૂપાંતર 'ડેમોક્રસી' બે શબ્દોના મિલાપથી બન્યો છે - 'ડેમોસ' અને 'ક્રેસ'. તેનો અર્થ છે જનતા અને શક્તિ. એટલે શબ્દઉત્પત્તિના દષ્ટિકોણથી પ્રજાતંત્રનો અર્થ છે - જનશક્તિ. અર્થાત્ પ્રજાતંત્ર શાસનનું એ રૂપ છે, જેમાં શાસન સત્તા સ્વયં જનતાના હાથમાં રહે છે અને તેનો પ્રયોગ એ પ્રત્યક્ષ રૂપે કરે છે. જેમ કે સીલેએ કહ્યું છે, 'પ્રજાતંત્ર એ શાસન છે, જેમાં પ્રત્યેક માનવી ભાગ લે છે.' પોતાના વ્યાપક અર્થમાં પ્રજાતંત્રને માત્ર રાજ્ય અને સમાજનું સ્વરૂપ નહીં, બલકે આદર્શ જીવન-પદ્ધતિની શોધ કહી શકાય છે. પ્રજાતંત્રના બૃહદ રૂપને આપણે આ રીતે જોઈ શકીએ છીએ.

### ૧. શાસનનું સ્વરૂપ

પ્રજાતંત્ર (લોકશાહી)ને પ્રજાની, પ્રજાને માટે અને પ્રજા દ્વારા ચાલતી એક સરકાર કહેવાય છે. તેમાં શાસનનો આધાર જનતા હોય છે. અને સત્તા પણ જનતામાં જ હોય છે. આ શાસનનો એકમાત્ર ઉદ્દેશ હોય છે - જનતાનું હિત.

પ્રાચીન કાળથી લઈને આજ સુધી અનેક વિચારક લોકશાહીને શાસનનું એક રૂપ સમજે છે. પ્રાચીન દાર્શનિક પ્લેટો અને અરસ્તુ, મધ્યકાલીન વિદ્વાન સિસરો અને આધુનિક લેખક સર હેનરી મેનુ અને લિંકનની પરિભાષાઓથી તે જ સ્પષ્ટ થાય છે. પરંતુ પ્રજાતંત્રનું રૂપ હંમેશાં પરિવર્તનશીલ રહ્યું છે. પ્રાચીન કાળમાં નાનાં-નાનાં રાજ્ય હતાં. એટલે પ્રજા પ્રત્યક્ષ રૂપે તેમાં ભાગ લેતી હતી, પરંતુ આજે તે શક્ય રહ્યું નથી. બધાં રાજ્ય મોટા આકારનાં થઈ ગયાં છે. એટલે બધાં રાજ્યોમાં પ્રતિનિધ્યાત્મક પ્રણાલીને અપનાવાઈ છે. એટલા માટે માત્ર શાસન સ્વરૂપ સુધી જ પ્રજાતંત્રને સીમિત કરી દેવું યોગ્ય નહીં હોય. તે તેનાથી પણ મોટો એક પ્રયત્ન છે, જેનો એક ઉદ્દેશ છે.

### ૨. રાજ્યનું સ્વરૂપ

પ્રજાતંત્રમાં સાર્વભૌમત્વ જનતામાં નિવાસ કરે છે. શાસન-વ્યવસ્થાનું સ્વરૂપ અને નીતિઓને નિર્ધારિત કરવાનું પ્રજાના હાથમાં રહે છે. રાજ્યનાં બધાં કામો પર જનતાનું નિયંત્રણ રહે છે, પછી એ સરકારને નિયુક્ત કરવાનો, એના પર નિયંત્રણ કરવાનો કે તેને બરખાસ્ત કરવાનો મામલો હોય.

### ૩. સમાજનું સ્વરૂપ

લોકતંત્ર શાસનનું જ એક રૂપ નથી, બલકે મૂળ રૂપમાં એને એક સામાજિક દર્શન અને જીવનપદ્ધતિ કહી શકાય છે, જેને પ્રાપ્ત કરવાને માટે જ તેની શાસનિક સંસ્થાનો જન્મ થયો છે. વાસ્તવમાં લોકતંત્ર સમાજસંગઠનનું એક રૂપ છે, જેનો ઉદ્દેશ સમાનતા, સ્વતંત્રતા અને ભ્રાતૃત્વની ભાવનાને સાકાર બનાવવાનો છે. પ્રાચીન કાળથી જ શોષિત વર્ગ માનવસમતાની માંગ કરતો આવ્યો છે. ૧૭મી શતાબ્દીમાં ઇંગ્લેન્ડમાં ગૃહયુદ્ધોની વચ્ચે માનવસમાનતાનો લોકતંત્રીય સિદ્ધાંત વિકસિત થયો, જેના અનુસાર કોઈને પણ બીજાના જીવનને નિર્દિષ્ટ કરવાનો અધિકાર નથી, બલકે પ્રત્યેક વ્યક્તિને પોતાની ઇચ્છા અનુસાર પોતાનું જીવન વ્યતીત કરવાનો અધિકાર છે.

સમાનતા, સ્વતંત્રતા અને ભ્રાતૃત્વ-પ્રજાતંત્રના મૂળ આધાર છે. સમાનતાનો અર્થ છે, એક એવી સ્થિતિનું નિર્માણ થવું જોઈએ, જેમાં પ્રત્યેક વ્યક્તિને વિકસિત થવાની પૂર્ણ તક મળે. આ ત્યારે થઈ શકે, જ્યારે બધાને તકની સમાનતા મળે. કોજિયરે પણ કહ્યું છે, ''માનવીની ભૌતિક અને સામાજિક સ્થિતિઓની સમાનતા પ્રજાતંત્રનો સાર છે.''

સમાનતાની માફક સ્વતંત્રતા પ્રજાતંત્રનું એક મૂળ તત્ત્વ છે. પહેલાં તેનો અર્થ હતો - મનમાની શક્તિ અને અન્યાયપૂર્ણ કાયદાઓથી મુક્ત થવું. ધાર્મિક સ્વતંત્રતા અને નાગરિક સ્વતંત્રતા પણ તેમાં સામેલ છે. તેમાં સૌથી મહત્ત્વપૂર્ણ તથ્ય છે - વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર અર્થાત્ પ્રત્યેક વ્યક્તિને પોતાની શક્તિઓના પૂર્ણ વિકાસનો અધિકાર છે. ત્રીજી મહત્ત્વપૂર્ણ વાત છે - ભ્રાતૃત્વ, જેના વિના સાચું લોકતંત્ર સ્થાપિત થઈ શકતું નથી. સમાજમાં કલ્યાણની પ્રાપ્તિ બધા લોકોના સહયોગથી જ થઈ શકે છે.

આ રીતે, પ્રજાતંત્રને એક વિશેષ પ્રકારનું શાસન કહી શકાય છે, એક વિશેષ પ્રકારની મનોવૃત્તિ અને એક આર્થિક આદર્શ જેના અંતર્ગત રાજકીય, સામાજિક અને આર્થિક વ્યવસ્થા અને સાંસ્કૃતિક માપદંડ સમાવિષ્ટ છે.

આ રીતે આ જ પ્રજાતંત્રનું સ્વરૂપ છે, પરંતુ દરેક વ્યવસ્થા પરિસ્થિતિઓની ચાકર છે અને એ કારણે એના ભૌતિકવાદી આધારોમાં ઉણપ રહી જ જાય છે. પ્રજાતંત્રના આધારોને આ રીતે જોઈ શકાય છે-

### પ્રજાતંત્રમાં આસ્થા

પ્રજાતંત્રનો આધાર જનતા છે. જો જનતાને પ્રજાતાંત્રિક વ્યવસ્થા અને માન્યતાઓમાં વિશ્વાસ ન હોય તો પ્રજાતંત્ર ટકી નથી શકતું. આઇવર બ્રાઉને કહ્યું પણ છે કે લોકોને પ્રજાતંત્રમાં માત્ર આસ્થા જ ન રાખવી જોઈએ, બલકે એ પણ આવશ્યક છે કે એ પ્રજાતંત્રના રક્ષણને માટે સતત પ્રયત્નશીલ રહે અને પોતાના અધિકાર અને કર્તવ્ય પ્રત્યે જાગૃત થાય.

### જનતાની જાગૃતિ

પ્રજાતંત્રમાં જનતાએ પોતાના અધિકારો અને કર્તવ્ય પ્રત્યે હંમેશાં જાગૃત રહેવું જોઈએ. કહેવાય પણ છે કે જાગૃતિ જ લોકતંત્રની કિંમત છે. જો નાગરિક મૌન વ્રત ધારણ કરી રાજનીતિજ્ઞોના હાથનું રમકડું બની જાય તો પ્રજાતંત્રનો આધાર જ ખંડિત થઈ જશે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

## આદર્શ નાગરિકત્વ

પ્રજાતંત્ર શાસન જનતાનું પ્રતિરૂપ છે. જેવી જનતા હશે, એવી જ ત્યાંની શાસન વ્યવસ્થા હશે. એટલે જનતાના વ્યક્તિગત અને સામાજિક જીવન પર ઘણા અંશ સુધી પ્રજાતંત્રની સફળતા નિર્ભર કરે છે. પ્રજાતંત્ર ત્યારે સફળ થઈ શકે છે, જ્યારે ત્યાંની જનતામાં ઇમાનદારી, સચ્ચાઈ, રાજનીતિક જાગૃતિ અને સાર્વજનિક કાર્યો પ્રત્યે સાચું આકર્ષણ હોય. બ્રાઇસના મતાનુસાર જનતાની આળસ અને ઉદાસી એ પ્રજાતંત્રના બે મોટા શત્રુ છે.

## શિક્ષણનો પ્રસાર

પરંતુ જનતાની જાગૃતિ અને આદર્શ નાગરિકતાને માટે જનતાનું શિક્ષિત હોવું જરૂરી છે. શિક્ષણના અભાવમાં જનતાને પોતાના અધિકારો અને કર્તવ્યોનું જ્ઞાન નથી થઈ શકતું. શિક્ષિત વ્યક્તિ જ મતદાનની કિંમતને સમજી શકે છે અને શાસનના કાર્યનું મૂલ્યાંકન કરી શકે છે.

## સામાજિક અને આર્થિક સમાનતા

પ્રજાતંત્ર પોતાના આધારોમાં ત્યારે સફળ થઈ શકે છે, જ્યારે ઊંચ-નીચ, અમીર-ગરીબ, છૂત-અછૂત વગેરેના ભેદભાવ ન હોય, ધાર્મિક કલહ, સાંપ્રદાયિક તોફાનોનું નિશાન ન હોય. આર્થિક સમાનતા વિના રાજકીય સ્વતંત્રતાનું કોઈ મૂલ્ય નથી.

## સ્વાસ્થ્ય અને સાચું લોકતંત્ર

જનમત જનતાની ઇચ્છા છે. જનતાની ઇચ્છા જ પ્રજાતંત્રનો આધાર અને માર્ગદર્શક છે. એટલા માટે કહેવાયું પણ છે કે સચેત અને જાગ્રત જનમત પ્રજાતંત્રની પ્રથમ આવશ્યકતા છે.

## રાજકીય પક્ષ

રાજકીય પક્ષ પણ આજકાલ પ્રજાતંત્રના આધાર થઈ ગયા છે. વાસ્તવમાં, રાજકીય પક્ષ પ્રજાતંત્રને માટે જીવનદાયી રક્તની સમાન થઈ ગયા છે. જોકે એ ત્યાં સુધી લાભદાયી હોય છે, જ્યાં સુધી તેના ઉદ્દેશ અને કાર્ય યોગ્ય છે.

ગાંધીજી પ્રજાતંત્રનો સાર એ વાતમાં સમજતા હતા કે સમગ્ર જનતાના હિતને માટે, બધા વર્ગોના ભૌતિક, આર્થિક અને આધ્યાત્મિક સ્રોતોને પૂર્ણ રૂપે એકત્ર કરી તેનો પ્રયોગ કરવામાં આવે. તેઓએ કહેલું પણ ખરું કે જો લોકતંત્ર અનુશાસિત અને પ્રબુદ્ધ છે તો તે વિશ્વમાં સૌથી સારી વાત છે. જે લોકતંત્રમાં પક્ષપાત, અજ્ઞાન અને વહેમ જોવા મળે છે, તે ઝડપથી અશાંતિમાં પડી જાય છે અને પોતાની મેળે જ નાશ પામે છે.

પ્રજાતંત્ર અંગે ગાંધીજીનું કહેવું હતું કે પ્રજાતંત્ર અર્થિક, સામાજિક ક્ષેત્રોમાં સમાનતાની વાત કરે છે, પરંતુ આજની લોકશાહી સરકારો આર્થિક સામાજિક વિષમતા પર આધારિત રહે છે, તેથી પ્રજાતંત્રમાં હિંસા થતી રહે છે. સામાજિક અને આર્થિક અન્યાય પર આધારિત રાજ્યોમાં કેન્દ્રીકરણ અને શોષણની બોલબાલા રહે છે અને આર્થિક અસમાનતાની વાતો ગૌણ બની જાય છે. તેથી ગાંધીજીએ પ્રજાતંત્રમાં વિકેન્દ્રીકરણ પર ભાર મૂક્યો. તેઓ કહેતા હતા કે કેન્દ્રીકરણ એવી પદ્ધતિ છે જે અહિંસાત્મક સમાજની સાથે નથી ચાલી શકતી. તેઓ એ સારી રીતે જાણતા હતા કે કેન્દ્રીયકૃત રાજ્ય માત્ર હિંસા અને શક્તિ દ્વારા થોભી શકે છે અને તેમાં વ્યક્તિગત સ્વતંત્રતા નષ્ટ થઈ જાય છે, એટલે તેઓ સત્તાના વિકેન્દ્રીકરણની તરફેણમાં હતા. વિકેન્દ્રીકરણ દ્વારા જ સાચી લોકશાહી શક્ય છે.

ગાંધીજી એમ માનતા હતા કે વિકેન્દ્રીકરણ રાજકીય અને આર્થિક બંને ક્ષેત્રોમાં થવું જોઈએ અને તે અહિંસાત્મક લોકતંત્રની એક મુખ્ય વિશેષતા છે. તેમના મતે કેન્દ્રીકરણથી વ્યક્તિત્વના વિકાસમાં અડચણ પેદા થાય છે. અને તેનાથી તાનાશાહીનો જન્મ થાય છે. તેઓ કહેતા હતા કે, ''હવે શક્તિનું કેન્દ્ર દિલ્હી, કલકત્તા કે મુંબઈ જેવાં મોટાં નગરોમાં છે. હું તેને ૭૦ હજાર ગામડાંમાં વહેંચી દઈશ. ('હરિજન' તા. ૧૮ જાન્યુઆરી, ૧૯૪૨)

આ પ્રકારનો ઢાંચો, જેમાં અસંખ્ય ગામ હશે, તેમાં સદા ગ્રામોને વધારે અધિકાર હશે અને કેન્દ્રને ઓછો. તેમાં જીવન એક મીનારો કે સ્તૂપની માફક નહીં હોય, જેમાં શિખર નીચેના આધાર પર ટકેલું હોય, બલકે આ ઢાંચામાં જીવન સમુદ્રી દાયરાની જેમ હશે, જેનું કેન્દ્ર વ્યક્તિ હશે જે ગ્રામને માટે પોતાની જાતનું બલિદાન આપવા પણ તૈયાર હશે.'' આ રીતે વ્યક્તિઓને મેળવી સામૂહિક જીવન એક થઈ જશે, જેમાં કોઈ પણ વ્યક્તિનો એક-બીજા પ્રત્યે અસભ્ય વ્યવહાર નહીં હોય, પરંતુ પ્રત્યેક વ્યક્તિ નમ્ર રહેશે અને એ સમુદ્રી દાયરાના એકમો બની અર્થાત્ સંપૂર્ણ સમાજના અંગ બની સામૂહિક જીવનનો આનંદ ઉઠાવશે.'' ('હરિજન', તા. ૨૮-૭-૧૯૪૬)

ગાંધીજીનો વિશ્વાસ હતો કે માનવસુખનું લક્ષ્ય, જે વ્યક્તિના માનસિક, નૈતિક અને આધ્યાત્મિક વિકાસને માટે તક ઉપર નિર્ભર કરે છે, એ ઉત્પાદન અને સત્તાના વિકેન્દ્રીકરણ દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે. રાજકીય અને આર્થિક સત્તાનું વિકેન્દ્રીકરણ જ આવી સ્થિતિઓ ઉત્પન્ન કરી શકે છે, જેનાથી સાચું લોકતંત્ર સ્થપાઈ શકે છે.

રાજકીય ક્ષેત્રમાં વિકેન્દ્રીકરણનું તાત્પર્ય તેમના મતે, ગામડાંને પોતાના પ્રશ્નોને પ્રબંધ કરવા માટે વધુ ને વધુ સ્વતંત્રતા મળવી જોઈએ અને એની ઉપર રાષ્ટ્રીય કે સંઘીય સરકારનું નિયંત્રણ ઓછામાં ઓછું હોવું જોઈએ, તે છે. જો રાષ્ટ્રીય સંસ્થાઓને માટે ચૂંટણીઓને અપ્રત્યક્ષ બનાવી દેવાય તો તેનાથી એક હદ સુધી વિકેન્દ્રીકરણ લાવવામાં મદદ મળશે.

પ્રજાતંત્રને માટે જનતાની જાગૃતિ જરૂરી છે. જ્યાં સુધી જનતા જાગૃત અને શિક્ષિત નહીં થાય, ત્યાં સુધી એક સફળ પ્રજાતંત્ર નહીં ચાલી શકે. પરંતુ પ્રજાતંત્રમાં વધારે પ્રજા અશિક્ષિત જ રહે છે અને સાચી ચૂંટણી શક્ય નથી થઈ શકતી.

પ્રજાતંત્ર બહુમતીનું શાસન છે. ગાંધીજીએ તેની ટીકા કરી છે. તેમનું માનવું છે કે માત્ર બહુમતી સાચા નિર્ણયની નિર્ણાયક ન હોઈ શકે. મોટેભાગે સાચો નિર્ણય લઘુમતીઓનો હોય છે, પરંતુ તે બહુમતીના મતમાં દબાઈ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જાય છે અને વ્યક્તિગત સ્વતંત્રતાનું ગળું દાબી દેવાય છે.

ભારતના સંદર્ભમાં ગાંધીજીનો વિચાર હતો કે ભારતમાં પ્રજાતંત્રને માટે અનુકૂળ સ્થિતિ નથી. અહીં લોકતંત્રની પરંપરા પણ નથી રહી. અહીંની પ્રજાનું પ્રજાતાંત્રિક શિક્ષણ પણ અનુકૂળ નથી. દેશની જનતા અશિક્ષિત છે. ખાસ કરીને રાજકીય મામલામાં તો એ અજાણ છે. એટલે અહીં પ્રજાતંત્ર સફળ નહીં થઈ શકે.

ગાંધીજીને પ્રજાતંત્રના આધારોમાં આસ્થા હતી અને અહિંસા અને પ્રજાતંત્રમાં સમાનતા તેઓએ નીચે પ્રમાણે દર્શાવી હતી -

### ૧. માનવ-વ્યક્તિત્વની પ્રતિષ્ઠા

વ્યક્તિનું વ્યક્તિત્વ જ ચરમ મૂલ્ય છે. એટલે માનવીય પ્રતિષ્ઠા પોતાના ખુદમાં એક મહત્ત્વપૂર્ણ ચીજ છે. તે જ માનવીય પ્રતિષ્ઠા જનતંત્ર અને અહિંસાનો આધાર છે. વ્યક્તિના વ્યક્તિત્વને ગાંધીજીએ માનવતાની પવિત્ર ધરોહર માની છે. જો પ્રજાતંત્ર પ્રત્યેક વ્યક્તિનું મૂલ્ય સમજે છે અને પ્રત્યેક વ્યક્તિની પ્રતિષ્ઠાનો સ્વીકાર કરે છે ત્યારે જ એ શ્રેષ્ઠ થઈ શકે છે.

### ૨. માનવ-વિવેકમાં આસ્થા

જ્યારે આપણે વ્યક્તિને ચરમ મૂલ્ય માનીએ છીએ અને તેને આપણા સૌભાગ્ય અને દુર્ભાગ્યનો નિર્ણય કરવાના અધિકારી માનીએ છીએ, તો આપણે તેના વિવેકમાં આસ્થા રાખવી જોઈએ. પ્રજાતંત્ર વિચાર-પરિવર્તન અને મત-પરિવર્તનની એક પ્રક્રિયા છે, એટલે માનવ-વિવેક પર આસ્થા રાખવી જોઈએ. એના માટે વિચારની સ્વતંત્રતા જરૂરી છે. તે જ પ્રજાતંત્રનો આધાર પણ છે. એટલે ગાંધીજી એમ માને છે કે પ્રજાતંત્ર ત્યારે જ સફળ થઈ શકે છે, જ્યારે એ માનવીના વિવેક પર આસ્થા રાખતું હોય.

### ૩. માનવીય કરુણા

પ્રજાતંત્ર અને અહિંસાને એ અર્થમાં કરુણા પર આધારિત કહી શકાય છે કે અહિંસા પ્રેમનો પર્યાય છે અને જનતંત્રમાં 'બહુજન હિતાય, બહુજન સુખાય'ની ભાવના સામેલ છે. ખરેખર સંપૂર્ણ માનવતાનું ભ્રાતૃત્વ જ જનતંત્ર અને અહિંસાનો આધાર છે અને તે જ કરુણા પણ છે.

### ૪. નિર્ભયતા

પ્રજાતંત્રને માટે વિચાર-સ્વતંત્રતા અને નિર્ભયતા જરૂરી છે. સામાન્ય વ્યક્તિ હમેશાં આર્થિક-સામાજિક અને રાજકીય ભયથી આક્રાંત રહે છે. એટલે જ્યાં સુધી આપણે માનવને અભાવ, અન્યાય અને શોષણથી મુક્ત નહીં કરી શકીએ, ત્યાં સુધી આપણને નિર્ભયતા નહીં મળી શકે. એક સાચું પ્રજાતંત્ર ત્યારે સ્થપાઈ શકે છે, જ્યારે જનતા નિર્ભિક હોય અને સામાજિક-આર્થિક શોષણના ભયથી મુક્ત હોય.

### પ્રજાતંત્રમાં સમન્વય જરૂરી છે

સમન્વય સૃષ્ટિનો નિયમ છે. પ્રજાતંત્ર ખરેખર આગ્રહના સ્થાને અનાગ્રહ, વિરોધની જગ્યાએ સમન્વય અને સંબંધના સ્થાને સહકાર અને સંતુલનને માટે નિરંતર પ્રયાસ કરે છે. એટલે પ્રજાતંત્ર સંઘર્ષના સ્થાન પર સમન્વય અને વિરોધના સ્થાન પર સહકારને પોતાનું જીવન-મૂલ્ય સ્વીકાર કરે છે. સમન્વયને જીવનસાધના કહી શકાય છે. અને તે સમાજની કરોડ પણ છે. પ્રજાતંત્ર ત્યારે સફળ થઈ શકે છે, જ્યારે તેનો વિકાસ સમન્વયની પદ્ધતિથી થયો હોય.

ગાંધીજી અહિંસા દ્વારા લાવવામાં આવેલ પ્રજાતંત્રને ઉચિત માનતા હતા. તેઓએ કહ્યું હતું, ''અહિંસા પોતાના સ્વભાવ અનુસાર સત્તાને નથી મેળવી શકતી અને ન તો તેનો તે ઉદ્દેશ હોઈ શકે છે, પરંતુ અહિંસા સરકાર પર કબજો કર્યા વિના તેને પ્રભાવશાળી ઢંગે નિયંત્રિત કરી શકે છે. તેમાં તેની સુંદરતા છે.'' અર્થાત્ તેમને વિશ્વાસ હતો કે સાચું લોકતંત્ર ક્યારેય પણ હિંસા દ્વારા ન લાવી શકાય, કેમ કે હિંસા દ્વારા લવાયેલા જનતંત્રમાં વિરોધીઓને દબાવી દેવાય છે અને વ્યક્તિગત સ્વતંત્રતાનો લોપ થઈ જાય છે. ગાંધીજીનો એ વિશ્વાસ હતો કે વ્યક્તિગત સ્વતંત્રતા માત્ર અહિંસાત્મક રાજ્યમાં જ રહી શકે છે.

આ રીતે પ્રત્યક્ષ રીતે ગાંધીજીએ પ્રજાતંત્રની ખરાબીને જોઈ તેનો વિરોધ કર્યો હતો. તેઓ પ્રજાતંત્રની ખરાબીઓને દૂર કરવાની તરફેણમાં હતા. તેમનો વિચાર હતો કે જો પ્રજાતંત્રમાં અનુકૂળ સ્થિતિ ઉપસ્થિત રહે, ઉદાહરણ માટે - જનતાનું શિક્ષણ અને સતત જાગૃતિ હોય, વ્યક્તિગત સ્વતંત્રતાનું રક્ષણ થતું રહે, ત્યારે પ્રજાતંત્રના આધારોમાં વિશ્વાસ કરી શકાય છે.

## શ્રી અરવિંદના વિચારો

આધ્યાત્મિક સમાજમાં વિશ્વાસ ધરાવતા હોવાને લીધે શ્રીઅરવિંદ પ્રજાતંત્રના ટીકાકાર છે. તેઓ પ્રજાતંત્રને સમાજ અને રાજનીતિની સમસ્યાઓ ઉકેલવા માટે સમર્થ માનતા નહોતા. તેમના મતે પ્રજાતંત્ર અને સમાજવાદ બંને માનવીની સંકુચિત મનોવૃત્તિઓનાં પરિણામ છે.

પ્રજાતંત્ર હેરોડોટ્સ અને અરસ્તુના સમયથી જ ચર્ચાનો વિષય રહ્યું છે. અરસ્તુના અનુસાર પ્રજાતંત્ર સ્વતંત્રતા અને સમાનતા પર આધારિત છે. અર્થાત્ પ્રજાતંત્ર અંતર્ગત એવી સ્થિતિનું નિર્માણ થવું જોઈએ, જેમાં પ્રત્યેક વ્યક્તિને વિકસિત થવાની પૂરી તક મળે. સમાજમાં ઊંચ-નીચ, જ્ઞાતિ-જાતિનો અર્થ ન રહેવો જોઈએ અને આર્થિક શોષણનો અંત આવી જવો જોઈએ. અમેરિકી સ્વાતંત્ર્ય ઘોષણા અનુસાર, ''અમે એ સત્યને સ્વયંસિદ્ધ સમજીએ છીએ કે સમસ્ત મનુષ્ય સરખા બનાવાયેલ છે કે તેમને તેમના સ્રષ્ટાએ કેટલાક અદેય અધિકાર પ્રદાન કર્યા છે, કે જીવન સ્વતંત્રતા અને આનંદની શોધના અધિકાર આવા જ અધિકાર છે.''

પ્રજાતંત્ર અંતર્ગત સમાનતાનાં ચાર મુખ્ય રૂપ છે - રાજકીય, નાગરિક, આર્થિક અને સામાજિક. રાજકીય સમાનતાનો અર્થ છે કે બધા વયસ્ક નાગરિકોને સમાન નાગરિક અને રાજકીય અધિકાર પ્રાપ્ત થવા જોઈએ, જેમ કે મતદાનનો અધિકાર, સરકારી પદ પ્રાપ્ત કરવાનો અધિકાર વગેરે. નાગરિક સમાનતાનો અર્થ છે કે પ્રત્યેક નાગરિકને કોઈ જ ભેદભાવ વિના સમાન અધિકાર અને શાસનની સલામતી પ્રાપ્ત હોય. આર્થિક સમાનતાનો અર્થ છે કે સમાજમાં આર્થિક સમાનતા ન રહે, ન તો કોઈ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વધારે ધનિક હોય અને ન કોઈ એકદમ ગરીબ હોય. સામાજિક સમાનતાનો અર્થ છે કે જન્મ, વંશ, જાતિ, ધર્મના આધાર પર નાગરિકોમાં કોઈ પ્રકારનો ભેદભાવ નહીં કરાય. શ્રીઅરવિંદ તેની ટીકા કરતા કહે છે કે પ્રજાતંત્રમાં સમાનતાને એટલી પ્રાથમિકતા આપવા છતાં પણ શાસન સત્તા એક વિશેષ વર્ગ જ સંભાળી રાખે છે. તે બહુમતી વર્ગ લઘુમતીઓના અધિકારોનું રક્ષણ નથી કરતો. ક્યારેક તે લશ્કરી રીતે કાર્ય કરવા લાગે છે. અને વ્યક્તિની સ્વતંત્રતા જતી રહે છે. શાસન બહુમતના હાથમાં રહે છે. યોગ્ય તથા લઘુમતી વ્યક્તિઓનું શાસનમાં કોઈ સ્થાન નથી. પરિણામ એ આવે છે કે શાસન સત્તા અકુશળ લોકોના હાથમાં ચાલી જાય છે અને ૫૧ ટકા લોકો ૪૯ ટકાની સ્વતંત્રતાનું અપહરણ કરી શાસન કરે છે અને આ રીતે પ્રજાતંત્ર સ્વતંત્રતાનું શત્રુ બની જાય છે.

સમાજમાં પ્રગતિને માટે આર્થિક રૂપે ઉન્નતિ પણ જરૂરી છે અને પ્રજાતંત્રના સમર્થક એમ માને છે કે આર્થિક સ્વતંત્રતા પ્રજાતંત્રમાં જ શક્ય છે. શ્રીઅરવિંદ તેની ટીકા કરતા કહે છે કે પ્રજાતંત્ર ક્યારેય પણ આર્થિક સ્વતંત્રતાનું પ્રતીક બન્યું નથી. તેમાં કાયમ બે વર્ગ રહ્યા છે : શોષક અને શોષિત. પ્રજાતંત્રમાં શોષણ ક્યાંક ને ક્યાંક, કોઈ ને કોઈ રૂપમાં અવશ્ય ઘૂસી જ આવે છે. તે 'જનતાનું, જનતાને માટે શાસન ક્યારેય નથી, કેમ કે તે સંખ્યાત્મક શાસન છે, જ્યાં શાસન બહુમતીના હાથમાં રહે છે અને લઘુમતીની ઉપેક્ષા થાય છે. શ્રીઅરવિંદનો આ વિચાર માર્કસના એ વિચાર સાથે મળતો છે, જેમાં માર્કસે રાજ્યને શોષણનું એક યંત્ર ગણાવ્યું છે અને એ આધાર પર તેમણે રાજ્યની ટીકા કરી છે.

શ્રીઅરવિંદ માને છે કે લઘુમતીઓના સમર્થનનું શાસન વ્યવસ્થામાં ઉચિત મૂલ્ય હોવું જોઈએ અને પ્રજાતંત્ર જન-પ્રતિનિધિત્વનું સાચું ધોરણ પ્રસ્તુત કરતું નથી. ઇતિહાસ સાક્ષી છે કે બહુમતી લોકોએ હંમેશાં લઘુમતીઓ પર અત્યાચાર કર્યા છે. લૉકે પણ લઘુમતીઓના અધિકારોના રક્ષણ પર ખૂબ ભાર મૂક્યો હતો અને પોતાના સિદ્ધાંતમાં તેની મહત્ત્વપૂર્ણ ચર્ચા કરી હતી. રૂસો પણ બહુમતીના ખતરાથી વાકેફ હતા. કાન્ટ અને ગાંધીજી પણ તેનાથી સચેત હતા. ગાંધીજીએ પણ પ્રજાતંત્રના પશ્ચિમી વિચારની ટીકા કરી હતી અને રામરાજ્યને સાચા પ્રજાતંત્રનું રૂપ ગણાવ્યું હતું. ગાંધીજીએ લખ્યું છે, સાચું પ્રજાતંત્ર કેટલાક લોકોના પ્રતિનિધિત્વમાં નથી, બલકે તે એ બધા લોકોના પ્રતિનિધિત્વમાં છે જે તેનો દાવો કરે છે.

શ્રીઅરવિંદે એ વાતની ચેતવણી આપી છે કે પ્રજાતંત્રમાં કેન્દ્રિકરણની પ્રવૃત્તિ રચનાત્મક પ્રકૃતિના સમૂહોનું નિર્માણ રોકી દેશે. પ્રજાતંત્ર મૂળમાં 'એક મનુષ્ય, એક મત'ના રાજકીય સિદ્ધાંતને માને છે અને અવસરની સમાનતા અને આર્થિક સમાનતા આ વાતોને માને છે, પરંતુ શ્રીઅરવિંદે તેને અવ્યાવહારિક ગણાવ્યો છે. તેમનું માનવું છે કે સમાનતાના પક્ષે કોઈ વૈજ્ઞાનિક પુરાવો નથી આપી શકાતો અને પ્રજાતંત્ર માત્ર તેને એક તથ્યના રૂપમાં ગ્રહણ કરે છે. નિઃશંક ગુણોના આધારે એક માનવી અને બીજા માનવીમાં મૌલિક તથા પર્યાપ્ત અંતર છે. શારીરિક, બૌદ્ધિક અને નૈતિક દૃષ્ટિકોણથી એક માનવી બીજા માનવીથી ભિન્ન છે. તે રૂપમાં પ્રજાતંત્ર સમાનતાના સિદ્ધાંતને સાચું રૂપ નથી આપતું.

પ્રજાતાંત્રિક વ્યવસ્થામાં અનેક અવગુણ છે તેથી શ્રીઅરવિંદને એ શંકા છે કે ભાગ્યે જ આ વ્યવસ્થા માનવ-સ્વતંત્રતાનું રક્ષણ કરી શકે. તેમનો વિચાર છે કે પ્રજાતંત્ર ત્યારે જ સફળ થઈ શકે છે જ્યારે ઉચ્ચ નૈતિકતાવાળા લોકો તેમાં સામેલ થાય. એટલે શ્રીઅરવિંદે આધ્યાત્મિક સમાજની કલ્પના કરી, જેમાં વ્યક્તિના વ્યક્તિત્વનો સાચો વિકાસ થાય અને સમાજની ઉત્તરોત્તર પ્રગતિ શક્ય બને.

## મૂડીવાદ અંગે વિચાર

મૂડીવાદ વિશ્વની એક મુખ્ય આર્થિક વ્યવસ્થા છે. આજે વિશ્વમાં અનેક દેશોમાં તે વ્યવસ્થા અમલમાં છે. મૂડીવાદી વ્યવસ્થામાં ઉત્પાદનનાં સાધનો, જેવાં કે ભૂમિ, શ્રમ, મૂડી અને વ્યવસ્થા પર વ્યક્તિનું અંગત સ્વામિત્વ હોય છે. વ્યક્તિઓને પૂર્ણ આર્થિક સ્વતંત્રતા રહે છે જેનાથી ઉત્પાદનનાં સાધનોનો પ્રયોગ વ્યક્તિગત લાભને માટે કરાય છે. જેમ કે પ્રો. પીગુએ લખ્યું છે, ''મૂડીવાદ ઉદ્યોગ એ છે, જેમાં ઉત્પાદનનાં ભૌતિક સાધનો પર અંગત વ્યક્તિઓનું સ્વામિત્વ હોય છે કે જે પોતાની વ્યક્તિઓ દ્વારા ભાડાથી લેવાય છે અને તેના આદેશ અનુસાર એ ઉદ્દેશથી સંચાલિત કરાય છે કે એ જે વસ્તુઓ કે સેવાઓને ઉત્પન્ન કરવામાં સહાયક હોય છે, તેને નફા પર વેચી શકાય.''

મૂડીવાદી વ્યવસ્થામાં સંપત્તિ વ્યક્તિઓના હાથમાં રહે છે અને ઉત્પાદનનાં બધાં સાધનો પર વ્યક્તિઓનો અધિકાર હોય છે. જેટલી પણ જમીન, મિલકત કે કારખાનાં હોય છે, તેનો ઉપયોગ વ્યક્તિગત લાભને માટે કરાય છે. તેનો ફાયદો એ છે કે આ પ્રકારની વ્યવસ્થામાં ઉત્પાદન મોટા પાયા પર અને મોટા પ્રમાણમાં શક્ય બને છે. ઉત્પાદનના ક્ષેત્રમાં નવાં-નવાં મશીનોનો ઉપયોગ થાય છે અને ઉત્પાદનમાં કુશળતા પ્રાપ્ત કરવા માટે નવી વિધિઓ અને અનુસંધાનનો સહારો લેવાય છે. બજારની સ્પર્ધામાં વિજય મેળવવા માટે ઉત્પાદક સારામાં સારી વસ્તુઓના ઉત્પાદનની મહેનત કરે છે. તેનાથી વસ્તુઓની ગુણવત્તા પણ સારી હોય છે અને માંગ તથા પુરવઠાના નિયમમાં સામંજસ્ય રહે છે.

મૂડીવાદી અર્થવ્યવસ્થા ગતિશીલ હોય છે. કેમ કે તે લાભની ભાવના અને વ્યક્તિગત સ્પર્ધા પર આધારિત રહે છે. તેમાં વ્યક્તિઓને આર્થિક સ્વતંત્રતા રહે છે કે એ પોતાની આવકને જે રીતે અને જે વ્યક્તિ પર ઇચ્છે તેની પાછળ ખર્ચ કરે. વ્યક્તિ પોતાની સંપત્તિનો સ્વેચ્છાથી ઉપયોગ કરવાને સ્વતંત્ર રહે છે. લોકો પોતાનો વ્યવસાય સ્વયં પસંદ કરે છે અને વ્યવસ્થાની ગતિશીલતા બની રહે છે.

મૂડીવાદી અર્થવ્યવસ્થાની એક વિશેષતા એ છે કે બદલાતી રહેતી પરિસ્થિતિઓમાં તે અર્થવ્યવસ્થા પોતાને બદલી શકે છે. જરૂરિયાત અનુસાર આ અર્થવ્યવસ્થાની ઉત્પાદન પ્રણાલી, સંગઠન અને પ્રબંધમાં પરિવર્તન કરી લેવાય છે. લુક્સ અને હુટ્સે યોગ્ય જ કહ્યું છે કે તેમાં પરિવર્તનશીલતા, સમય અનુસાર બદલવાની ક્ષમતા અને તરલતા જોવા મળે છે, જેને લીધે પોતાની આજુ-બાજુ થનાર અનેક પરિવર્તનો અનુસાર તેણે પોતાના સ્વરૂપ અને વિધિઓ ઢાળી લીધાં છે.

(ક્રમશઃ)

**– ડૉ. અનુરાધા પ્રસાદ**

અનુ. રાજેન્દ્ર દવે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# 'ભૂમિપુત્ર-૭૫' અમૃત મહોત્સવ ઉજવણી આયોજન મિટિંગ




**ભૂ**મિપુત્રના પ્રથમ પાને આપણે વોલ્યુમ નંબર (વર્ષ), અંક નંબર, તેમજ અંકની તારીખ લખીએ છીએ. ભૂમિપુત્રનું આ ૭૩મું વર્ષ ચાલે છે. આપણે ૧૯૫૩થી ભૂમિપુત્ર પ્રગટ કરતા આવ્યા છીએ. ૨૦૨૮નું વર્ષ ભૂમિપુત્રનું ૭૫મું વર્ષ હશે. તેને ખ્યાલમાં રાખીને અમૃત મહોત્સવ પર્વની ઉજવણીના આયોજન માટે તા. ૨૭-૧૨-૨૦૨૫ના રોજ ભારતીય સમુદાય શિક્ષણભવન-અમદાવાદમાં એક મિલનનું આયોજન કર્યું હતું. તે મિલનમાં આવવા માટે સમગ્ર ગુજરાતમાંથી ૮૦-૯૦ મિત્રોને આમંત્રણ મોકલ્યું હતું, જેમાંથી ૫૫-૬૦ વ્યક્તિઓ હાજર રહી હતી. ઉજવણીમાં શું શું કરવું તે અંગે સૂચનો માંગ્યાં હતાં. મિલનમાં આવનાર સૌને કેટલુંક સાહિત્ય તેમજ શ્રી મહેન્દ્રભાઈએ તૈયાર કરેલ એક નોંધ – 'સન્મુખ સમાજના પક્ષધર : ગાંધી-વિનોબા-જયપ્રકાશ' આપવામાં આવી હતી.

● શરૂઆતમાં આવકાર બાદ રજનીભાઈએ ભૂમિકા રજૂ કરી. તે પછી મહેન્દ્રભાઈએ પોતાના વક્તવ્યમાં નીચેના મુખ્ય મુદ્દાઓ રજૂ કર્યા હતા.

○ સ્વાવલંબી સમાજ બનાવો ○ ગામડાં સાત બાબતોમાં – અન્ન, વસ્ત્ર, આવાસ, ઓજાર, લઘુયંત્રો, ઊર્જા, આરોગ્ય, કેળવણી અને સાંસ્કૃતિક – સ્વાવલંબી બને. ○ સર્વોદય ગ્રામ-સર્વોદય નગર અંગે પુસ્તિકાઓ તૈયાર કરવી. ○ સંપર્કક્ષેત્રોને અનુકૂળ સાહિત્યસર્જન-પ્રદર્શન તૈયાર કરવાં. ○ આગામી ૩ વર્ષનું આયોજન કરવું. ○ ૨-૩ દિવસના શિબિરો કરવા ○ ૨૦-૨૦ ગામો / નગરોમાં પહોંચવું. ○ શુમાખરના દર્શન – Small is Beautifulની અને Ecologyની વાતો કરવી, સૃષ્ટિ સાથે માણસનો નાતો કેવો હોય તે વાત ઉજાગર કરવી. ○ જાન્યુઆરી-૨૦૨૬ના અંતિમ ભાગમાં સક્રિય મિત્રોની મિટિંગ બોલાવીએ અને થોડું આયોજન કરીએ.

● ત્યારબાદ શ્રી મનસુખભાઈ સલ્લાએ ગાંધી-વિનોબા-જે.પી. અંગે પુસ્તિકાઓ તેમજ પુસ્તકો ત્રણ-ચાર મહિનામાં તૈયાર કરવાં જોઈએ તે વાત કરી. ○ આ માટે આગોતરા ગ્રાહકો નોંધવા અને પુસ્તકો સસ્તા દરે આપવાં. ○ ધોરણ ૧૧-૧૨ના તથા બી.એ. સુધીના વિદ્યાર્થીઓના નિવાસી શિબિરો કરવા. ○ કાર્યકર શિબિરો, શિક્ષકો માટેના શિબિરો ગોઠવવા – આ માટે યોગ્ય સ્થળોની યાદી પણ સૂચવી ○ ૧૦૦ જેટલી સંસ્થાઓમાં વિવિધ વક્તાઓનાં વ્યાખ્યાનો ગોઠવવાં ○ મહત્ત્વનાં પુસ્તકોનો સઘન અભ્યાસ ગોઠવવો. ○ જે કંઈ કાર્યક્રમો થાય તેનો અહેવાલ ભૂમિપુત્રમાં આપવો. ○ ભૂમિપુત્ર-૭૫ ઉજવણી માટે અલગ ભંડોળ અને એક અલગ કાર્યાલય ઊભું કરવું. ○ ગાંધી સામેના અપ પ્રચારનો સાચો જવાબ આપવો.

● રોહિતભાઈ શુકલએ ○ સ્થાનિક અને વૈશ્વિક પડકારોને ઓળખવા, સમજવા અને સમજાવવાની વાત કરી. ○ વ્યક્તિગત સ્તરે ભૂમિપુત્રના આજીવન ગ્રાહકો બનાવવા. ○ પશ્ચિમના તત્ત્વચિંતકોના લેખો ભૂમિપુત્રમાં આપવા ○ સંપત્તિનું થોડા લોકોના હાથમાં થઈ રહેલા કોન્સન્ટ્રેશનને સમજવું. ○ ઈશ્વર વિશે ભિન્ન-ભિન્ન મત ધરાવતાં દર્શનોને સમજવાં. ○ દશે દિશાઓમાંથી આવતા વિચારોને સમજવા.

● રતિલાલ બોરીસાગરભાઈએ જણાવ્યું કે, ○ તેમનો ભૂમિપુત્ર સાથેનો ૫૦ વર્ષનો નાતો છે. ○ સંપાદકો બદલાતા ગયા પણ ભૂમિપુત્ર સારી રીતે ચાલી રહ્યું છે. ○ વિનોબાનાં વેદ-ઉપનિષદ-ગીતા અંગેનાં પુસ્તકો વાંચવામાં સરળ છે અને સમજ વધારવા માટે ઉપયોગી છે. ○ 'ભૂમિપુત્ર ૭૫' સંદર્ભે ૭૫ પુસ્તિકાઓ તૈયાર કરવી જોઈએ. ○ વિનોબાજીની કટોકટી સમયની ભૂમિકા અંગે લખવું જોઈએ. ○ વિનોબાજીના સમગ્ર જીવન અંગેનું પુસ્તક તૈયાર કરવું જોઈએ.

● બંકિમભાઈ શેઠે (સેવા રૂરલ) જણાવ્યું કે, ○ ભરૂચ – નર્મદા જિલ્લામાં સક્રિય રહીશું. અમને નાનું-મોટું કામ કરવાનું ગમશે. ભૂ-૭૫ના કામ માટે સેવારૂરલની સગવડો વાપરી શકશો. ભૂ.૭૫ના કામ માટે સ્વતંત્ર ઑફિસ હોવી જરૂરી છે. એક-બે વ્યક્તિઓને આ કામમાં જોડવા માટે અમે મદદરૂપ પણ થઈ શકીએ તેમ છીએ.

● અન્ય મિત્રોનાં મહત્ત્વનાં સૂચનો –

○ ભૂમિપુત્રના ૭૫ વર્ષના વાર્ષિક વોલ્યુમોમાંથી ૨૫-૨૫ વર્ષમાંના સારા લેખોના ૩ વોલ્યુમ બનાવવા જોઈએ. –સંજય ભાવે

○ જળ-જંગલ-જમીન અંગેના સાંપ્રત પ્રશ્નો ઉજાગર કરવા જોઈએ. ભૂમિપુત્રનું ડિજિટલાઈઝેશન કરવાના કામમાં મદદ કરી શકીશ. ભૂમિપુત્ર અંગે ડોક્યુમેન્ટ્રી તૈયાર કરવી જોઈએ. –કપિલભાઈ શાહ


(જુઓ પાન નં. ૨૩)






YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

## વાંચન થાળ




■ **ગૂર્જર સાહિત્ય ભવન,** રતનપોળના નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧. મો.: ૯૨૨૭૦૫૫૭૭૭

○ પૂર્ણતાની અભિવ્યક્તિ - વિવેકાનંદના સમૃદ્ધ વિચાર વૈવિધ્યની ઝલક - હરેશ ધોળકિયા, પૃષ્ઠ-૧૨૮, કિંમત રૂ. ૧૫૦.

વાંચનથાળની સામગ્રી તા. ૧૬-૨-૨૦૨૬ના ભૂમિપુત્ર માટે લખું છું ત્યારે આજે ૧૨ જાન્યુ.ના રોજ શ્રી વિવેકાનંદનો જન્મ દિવસ છે. તેમનો જીવનકાળ ૧૨-૧-૧૮૬૩થી ૪ જુલાઈ ૧૯૦૨ સુધીનો માત્ર ૩૯ વર્ષનો રહ્યો હતો.

હરેશભાઈનું આ ૨૦૦મું પુસ્તક છે. તેઓ લખે છે -

''મારા શરીરમાંના લોહીમાં જેમ લાલ કણ અને સફેદ કણ છે તેમજ સ્વામી વિવેકાનંદ પણ છે. તેઓ મારા સમગ્ર અસ્તિત્વમાં વહે છે. મારું અસ્તિત્વ જ તેમના કારણે છે. વિવેકાનંદજીનો એક એક શબ્દ બોમ્બ જેવો છે. શરીર-મન-બુદ્ધિના ભુક્કા ઉડાવી દે છે. અને શૂન્ય કરી નાંખે છે. સમગ્ર જીવન તેમના અને ગાંધીજીના માર્ગદર્શન અને પ્રેરણાથી જ જીવ્યો છું.

પ્રસ્તુત પુસ્તકમાં ૧૬ લેખોને સમાવવામાં આવ્યા છે. તેમજ પરિશિષ્ટમાં ચાર લેખો અને એક કાવ્ય છે.

વિવેકાનંદજીને યાદ કરીએ એટલે તરત જ જે વાક્ય પર તેઓ વિશેષ ભાર આપતા હતા તે -

**''ઉત્તિષ્ઠત જાગ્રત પ્રાપ્ય વરાન્નિબોધત.''** - ઊઠો જાગો અને ધ્યેય-પ્રાપ્તિ સુધી મંડ્યા રહો. યાદ આવે જ. જગતના નવ્વાણુ ટકા લોકો મોટા ભાગે ભલે જાગતા દેખાય, પણ સમગ્ર જીવન ઊંઘતા જ રહે છે. અભાનપણે જીવે છે, મનની વૃત્તિઓને વશ થઈને જીવે છે.

*માણસે ઊઠવાનું છે, જાગવાનું છે,*
*મુક્તિ પામવાનું ધ્યેય પ્રાપ્ત કરવાનું છે.*

વીસમી સદીમાં એકએકથી ચડિયાતા મહાન લોકો આવતા ગયા. સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધી, રાજા રામમોહનરાય, દયાનંદ, ટિળક, શ્રીઅરવિંદ, લજપતરાય, સી.આર.દાસ, નહેરુ, પટેલ, સુભાષ વગેરે.

■ **વિવેકાનંદની ક્રાન્તિકારી વાણી**

○ તમારા ભાગ્યના સૃષ્ટા તમે જ છો. તમારા ભવિષ્યનું સર્જન તમે જ કરો.

○ વિશાળ થવાની કોશિશ કરો. ગતિ અને વૃદ્ધિ એ જ જીવનની એકમાત્ર નિશાની છે.

○ જ્યાં લગી લાખો માણસો ભૂખે અને અજ્ઞાનમાં સબડે છે ત્યાં સુધી તેમને ભોગે કેળવાયેલા અને તેમના પ્રત્યે દુર્લક્ષ સેવતા દરેક માનવીને હું મોટો દ્રોહી ગણું છું.

○ જે ધર્મ કે ઈશ્વર વિધવાનાં આંસુ લૂછી શકે નહીં કે માબાપ વિનાનાં નિરાધાર બાળકોના મુખમાં રોટીનો ટુકડો મૂકી શકે નહીં, તે ધર્મ કે ઈશ્વરમાં હું માનતો નથી.

○ હું મુસલમાનની મસ્જિદમાં જઈશ. હું ખ્રિસ્તના દેવળમાં જઈશ. હું બૌદ્ધોના ચૈત્યમાં જઈશ.

○ હું મુક્ત છું એમ જાહેર કરવાની હિંમત તમે કરી શકો તો આ જ ક્ષણે તમે મુક્ત છો.

○ ધર્મ કોઈ મંદિરોમાં કે પુસ્તકોમાં નથી. ધર્મ એટલે ઈશ્વરને જાણવો. જાણવો એટલે સાક્ષાત્કાર કરવો. ઈશ્વર અનંત છે અને અનંતતાનો હું એક ભાગ છું, એમ અનુભવવાનું છે.

○ શિક્ષણ એટલે મનુષ્યમાં રહેલી પૂર્ણતાની અભિવ્યક્તિ.

○ શિક્ષકનું કામ બાળકની પૂર્ણતાને અભિવ્યક્ત કરવાનું છે.

○ શિક્ષકે વર્ગમાં પ્રવેશતાં બાળકોને કહેવાનું છે - તમે પૂર્ણ છો- તમારામાં ઇચ્છો તે કરવાની શક્તિ છે. તમે બધું જ કરી શકો છો.

○ શિક્ષકે પહેલાં પોતાની પૂર્ણતાનો સ્પર્શ કરી લેવાનો છે. અપૂર્ણ વ્યક્તિ કોઈને પૂર્ણતા સમજાવી ન શકે. એ તો આંધળો આંધળાને દોરે તેના જેવું થાય. બંને અજ્ઞાનના કૂવામાં પડી જાય.

■ **વિવેકાનંદ સાહિત્ય**

વિવેકાનંદનાં લખાણો (ગુજરાતીમાં ૯ ગ્રંથો - રૂ. ૫૦૦૦, સંપર્કઃ રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ-૧. મો.: ૯૮૭૯૫૬૬૯૧૦) નવ ભાગમાં છે. તેના દરેક પાના પર અદ્‌ભુત અને અમૃત ચિંતન ભર્યું છે. સમગ્ર જગતના લાખો વર્ષના ડહાપણને આપણા મગજમાં મૂકીને આપણને ધન્યતાનો અનુભવ કરાવે છે. (સેટના) સાડા ચાર હજાર પાનાં વાંચવાની ફુરસદ નથી, પણ વિવેકાનંદનું એક નાનકડું પુસ્તક 'દિવ્ય વાણી' તો જ વાંચી શકાય. વિવેકાનંદ વર્ષ ૧૮૯૫માં અમેરિકામાં થોડો સમય આરામ કરવા એક ટાપુ પર ગયા હતા. થોડા શિષ્યો સમક્ષ જે વાતો કરતા હતા તે તેમાંનાં એક શિષ્યા મિસ વાલ્ડોએ નોંધી લીધી હતી તે આ પુસ્તક રૂપે પ્રકાશિત થઈ છે. તેમાં લખ્યું છે -

''જેઓ ઈશ્વરને સમર્પિત થઈ જાય છે, તેઓ કહેવાતા હજારો સામાજિક કાર્યકરો કરતાં વધારે શ્રેષ્ઠ અને પુષ્કળ કામ કરે છે. એક માણસ પણ જો પોતાને પવિત્ર કરી શકે, તે લાખો ઉપદેશકો કરતાં વધારે શ્રેષ્ઠ કામ કરી શકે છે. કેવળ પવિત્રતા અને મૌનથી જ શબ્દની શક્તિ અનંતગણી થઈ જાય છે.''

હરેશભાઈના પુસ્તકમાં શિકાગોમાં ૧૧ સપ્ટેમ્બરના રોજ વિવેકાનંદજીએ આપેલા પ્રવચનની વિગતો આપી છે. લેખ ૯માં વિકાસની મર્યાદા અંગેની વિગતો છે. વધારે વિકાસ વધારે બંધન લાવે છે. પ્રકરણ ૧૨માં પશુત્વ, માનવત્વ અને દિવ્યત્વની વાત કરી છે. માણસે દિવ્યતા પ્રાપ્ત કરવાની છે. અન્ય પ્રકરણોમાં સ્વામીજીની વાતો નોંધી છે -

○ આ દુનિયામાં વસતાં નરનારીઓનો એક લાખમો ભાગ પણ માત્ર



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

શાંતિથી બેસીને થોડીક મિનિટો માટે પણ એટલું બોલે, ઓ મનુષ્યો, પશુઓ અને જીવતાં પ્રાણીઓ તમે સૌ એક જીવંત ઈશ્વરનાં જ સ્વરૂપો છો, તો અર્ધા કલાકમાં આખું જગત પલટાઈ જાય. ખૂણે ખૂણે ધિક્કારના જબરદસ્ત બોમ્બગોળા ફેંકવાને બદલે, ઈર્ષા અને દુષ્ટ વિચારનાં પૂર વહેવડાવને બદલે, દેશ દેશમાં લોકો વિચારતા થાય કે જે કંઈ છે, તે બધું જ ઈશ્વર છે. આ વિચારો આખા વિશ્વમાં ફેલાવવામાં આવશે, તો વિશ્વ પલટાઈ જશે.

પુસ્તકમાં રામકૃષ્ણ પરમહંસના અન્ય શિષ્યોનો પરિચય અને વિવેકાનંદજીના તેમની સાથેના વ્યવહારની વાતો ઉજાગર કરવામાં આવી છે. પુસ્તકમાં પાન નં. ૧૧૫ પર 'The Song of The Sannyasin -જે જુલાઈ ૧૮૯૫માં Thousand Island Park, New Yorkમાં રચવામાં આવ્યું હતું - "Om TatSat Om" નો ગુજરાતી અનુવાદ છાપવામાં આવ્યો છે. તેમજ પાન ૧૦૬ પર વિવેકાનંદજીનું શ્રેષ્ઠ પ્રવચન ‘ખુલ્લું રહસ્ય’ આપ્યું છે, જે વાંચવા જેવું, મનન કરવા જેવું છે.

જવાહરલાલે લખ્યું, ‘‘.....મારી પેઢીના અનેક લાકો તેમનાથી પુષ્કળ પ્રભાવિત થયા હતા, અને હું માનું છું કે જો વર્તમાન પેઢી પણ તેમનાં લખાણોનો અભ્યાસ કરશે તો તેમને અગણિત ફાયદો થશે.’’ હરેશભાઈના આ પુસ્તકને વર્તમાન પેઢીએ અવશ્ય વાંચવું જોઈએ.

■ **કલાતીર્થ ટ્રસ્ટ,** ‘રંગ’ ૧૮ રાજાનન સોસાયટી, વિભાગ-૩, ગજેરા સ્કૂલની સામે, કતારગામ, સુરત-૪. મો.: ૯૮૨૫૬૬૪૧૬૧.




○ સરલાદેવી મઝૂમદાર : ગાંધીયુગની ચેતનાનાં ચિત્રસર્જક - સંપાદક - રમણીક ઝાપડિયા. પ્રથમ આવૃત્તિ ૨૩-૦૯-૨૦૨૫ (સરલાદેવીનો જન્મ દિવસ)

૧૯૦ પૃષ્ઠનું આ પુસ્તક બે ભાગમાં વહેંચાયેલું છે. અડધાં પાનાંમાં સરલાદેવી અંગેનાં લખાણો છે. બાકીનાં પાનાંમાં સરલાદેવીએ દોરેલાં રંગીન ચિત્રો છે.

પ્રથમ લેખ ૧૬-૨-૬૮ના રોજ ગાંધીજી અને પ્રાર્થનાના મહત્ત્વ અંગેનું છે. ગાંધીજી કહેતા - શરીરને ખોરાકની જરૂર છે તેના કરતાં પણ વધારે આત્માને પ્રાર્થનાની જરૂર છે.... Without prayer I would have been a Lunatic. ‘પ્રેમલ જ્યોતિ તારો દાખવી મુજ જીવનપંથ ઉજાળ’ - ગાંધીજીની રોજની પ્રાર્થના હતી. સરલાબેનનો જન્મ ૨૩ સપ્ટેમ્બર, ૧૯૧૧ના રોજ અમદાવાદમાં થયો હતો. પિતા શ્રી પ્રતાપરાય હાઈકોર્ટમાં જજ હતા. સરલાબહેને ૧૩ વર્ષની વયે ‘કુમાર’ દ્વારા યોજાયેલી રંગોળી સ્પર્ધામાં પ્રથમ ઈનામ મેળવ્યું હતું. યુવા વયે તેમનાં ચિત્રો ‘બાલજીવન’, ગુણસુંદરી જેવાં ગુજરાતી સામયિકો તેમજ મરાઠી મેગેઝિનોમાં પ્રગટ થતાં હતાં. વ્યવસાયે શિક્ષિકા બન્યાં. મુંબઈની જે.જે. સ્કૂલ ઓફ આર્ટ્સમાં તેમનાં ચિત્રો જોઈ, તેમને સીધા ત્રીજા વર્ષમાં એડમિશન મળ્યું હતું.

વર્ષ ૧૯૬૬-૬૭માં સાબરમતી આશ્રમમાં છ મહિના રહી ગાંધીજીના જીવનના કુલ ૨૭ પ્રસંગો તારવ્યા. ‘મોહનથી મહાત્મા’ સુધીની ગાંધીજીની યાત્રાને ૨૭ ચિત્રોમાં દર્શાવવામાં આવી. ૧૯૬૯માં ગુજરાતી તેમજ અન્ય છ ભાષામાં તે પુસ્તક આકારે પ્રગટ કરવામાં આવ્યું. પુસ્તકની એકાદ લાખ નકલો વેચાઈ હશે. સરલાબહેનના ભત્રીજા પ્રણવભાઈએ ગાંધીનાં ઓઈલ પેઇન્ટિંગ વાળાં ચિત્રો ૩૦ ભાષામાં વર્ષ ૨૦૨૧થી ૨૦૨૪ના ગાળામાં પ્રગટ કર્યાં.

○ વર્ષ ૧૯૭૫ને યુનોએ આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ તરીકે જાહેર કર્યું. સરલાબહેને નારીપ્રતિભાના કુલ ૨૭ વોટર કલર પોર્ટ્રેટ બનાવ્યાં.

○ સરલાબહેને ૧૯૪૨ની સ્વાતંત્ર્યની લડતમાં ભાગ લઈ જેલવાસ ભોગવ્યો હતો. પૂનાની જેલમાં ગાંધીજીની તબિયત લથડતાં તેમને મુક્ત કરવા અંગ્રેજ સરકાર સામે સરઘસ નીકળ્યું હતું. સરલાબહેન તેની પહેલી હરોળમાં હતાં. તેના કારણે જેલમાં તેમને બંધ કરવામાં આવ્યાં હતાં.

○ દેશ આઝાદ થયા પછી ગ્રામવિકાસનાં કામ કરવા ભરૂચ જિલ્લાના હાંસોટ પાસે આવેલા સુણેવખૂંટ ગામે મુંબઈ છોડીને ૧૯૪૮માં વસવાટ કર્યો. ત્યાં મુખ્ય વસ્તી કોળી, હળપતિ હરિજનની હતી. સરલાબહેને પોતાના આશ્રમ સેવા કુટીરમાં હરિજનો સાથે સમૂહ ભોજનનો કાર્યક્રમ રાખ્યો. સ્થાપિત હિતોને આ પસંદ ન પડ્યું. આશ્રમ બાળવાની ધમકી આપી. ગામમાં સરકારી ઑફિસરો તેમજ મોટીમોટી હસ્તીઓ આવતી તે પ્રથમ બહેનને મળવા આવે તે ઘણાને ગમતું ન હતું.

સરલાબહેનને રેંટિયો ચલાવતા જોઈને લોકો રેંટિયો ચલાવતા થયા. વણાટની તાલીમ આપી. ખેતમજૂરોનાં ૩૫-૪૦ પાકાં ઘરો બાંધ્યાં. કેટલાક ગ્રામવાસીઓએ બેનને નકસલવાદી ગણીને તેમનાં બાંધકામ માટેનાં કીમતી લાકડાંને આગ ચાંપી હતી. સરલાબહેનનાં કામોમાં તેમના પતિ પુરેન્દ્રભાઈનો પૂર્ણ સહકાર સાંપડતો હતો.

આરોગ્યની દૃષ્ટિએ સરલાબહેનનાં છેલ્લાં થોડાં વરસ આકરાં ગયાં. સતત ચાલુ રહેતી ઉધરસે તેમને બહુ પજવ્યાં હતાં. વર્ષ ૨૦૦૧ના ઑગસ્ટ માસમાં સાવ અચાનક હૃદય બંધ પડતાં તેમનું અવસાન થયું.

■ **સરલાબહેનની ચિત્રકલા**

○ કાકસાહેબ કાલેલકર - સરલાબહેનનાં ગાંધીજીનાં ચિત્રો વિષે કહે છે -

આ ચિત્રોમાં સરલાબહેન કેવળ ચિત્રકાર નથી, ગાંધી હૃદયને અપનાવી તેમના કાર્યમાં પ્રથમથી જ જોડાયેલાં રહ્યાં, એટલે સંસ્કૃતિ, ભાવનાઓની દૃષ્ટિએ આ ચિત્રોમાં વિસંગત કે વિસદૃશ કશું નથી જ પણ તે તે પ્રસંગનું હાર્દ વ્યક્ત કરવામાં સરલાબહેન ફાવી ગયાં છે.... ગાંધી પ્રવૃત્તિમાં જોડાયાં, હૃદયની તે ઉત્કટતા આ ચિત્રોમાં સંતાયેલી શી રીતે રહી શકે ?

(જુઓ પાન નં. ૨૨)




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org




ગરીબોનો બંધુ



બા અને બાપુ



હરિજન મંદિર પ્રવેશ




હિંદ છોડો




YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org




કસ્તુરબાનુ મૃત્યુ



એકલો જાનેરે



અહિંસાનો ચમત્કાર



અહિંસાની ત્રિમૂર્તિ




YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org




મદાલસા (સંસ્કાર સીંચન)



તાના રીરી



શારદા મણિદેવી



કસ્તૂરબા ગાંધી



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org




ભગિની નિવેદિતા



શકુંતલા પત્રલેખન



ઘાયલ હસં સાથે સિદ્ધાર્થ



તાંડવ નૃત્ય


YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

# રમીલાબહેન ગાંધી : શિક્ષણ અને સેવા માટે સમર્પિત વ્યક્તિત્વ



*''ભલે આપણે જાણીએ કે ન જાણીએ, સ્વીકારીએ કે ન સ્વીકારીએ, પણ જરૂર કોઈ વૈશ્વિક ચેતના-ભગવત્સત્તા વિશ્વમાં પ્રકાશિત છે, જે માનવને જીવવા માટે પ્રેરણા આપે છે. સંઘર્ષ-તકલીફ-અપેક્ષા-તડકો-છાંયડો આ બધામાંથી એ ભગવદ્સત્તા માનવને પસાર કરે છે અને છેવટે ''વરસત કોઈ અમીમય કરુણા.''*

**- રમીલાબહેન ગાંધી**

■ **રમીલાબહેનનું જીવન એટલે ભગવદ્સત્તાની અમીમય કરુણાનું કાવ્યગાન !**

૨૪ નવેમ્બર ૧૯૩૫ના રોજ ઉ.ગુ.ના પાટણ શહેરમાં જન્મ. ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ યોગાંજલિના પ્રાંગણ-સિદ્ધપુરમાં દેહત્યાગ. ૨૪ નવેમ્બર મહર્ષિ શ્રી અરવિંદનો સિદ્ધિદિવસ અને ૧૨ જાન્યુઆરી શ્રી વિવેકાનંદનો જન્મ દિવસ. તેમના ૯૧ વર્ષના જીવનમાંથી લગભગ ૫૮-૬૦ વર્ષના જીવનના સાક્ષી બનવાનું સદ્ભાગ્ય માણ્યું છે. ક્યારેક દૂર રહીને, ક્યારેક નજીક રહીને.

સરસ્વતી નદી અરવલ્લીના પહાડોમાંથી કોટેશ્વરથી નીકળી સિદ્ધપુર પાટણ થઈને કચ્છના રણમાં સમાઈ જાય છે. રમીલાબહેને ૧૯૬૬માં સર્વ મંગલમ્ આશ્રમની સ્થાપના કરી પાટણ નજીક સાગોડિયા ગામે. ૧૯૭૪માં યોગાંજલિ આશ્રમની સ્થાપના કરી સિદ્ધપુર પાસેના ગણેશપુરા ગામે. જીવનનાં ૬૦ વર્ષ સરસ્વતી નદીનું સાંનિધ્ય માણ્યું. નદીનું વહેણ પણ જોયું અને સૂકો રેતાળ પટ પણ જોયો. બહેને શિક્ષણની જ્ઞાનગંગા વહેવડાવીને સરસ્વતીની આરાધના કરી. સાથેસાથે સેવાયજ્ઞ પણ ચલાવ્યો. વર્ષ ૧૯૯૯થી જિજ્ઞાબહેન દવેનો સાથ મળવાથી એક યુવા સાધક ચેતનાનો સંચાર બેનના જીવનમાં અને કાર્યમાં આવ્યો.

■ **બેનની જીવન-ઝરમર પર એક નજર**

○ **બાળપણ અને પરિવાર**

પિતા નટુલાલ ગાંધી, માતા કંચનબહેન. સાહિત્યકાર સાહિત્ય વિવેચક, વિદ્વાન, ઐતિહાસિક અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં સંશોધક શ્રી ભોગીલાલ સાંડેસરા તેમના પડોશી હતા. માતાએ રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લીધો હતો. વિદેશી કાપડની હોળી કરવી, જેવા કાર્યક્રમોમાં ભાગ લેતાં. ખાદી પહેરતાં. પિતા મુંબઈમાં ખાનગી પેઢીમાં નામુ લખતા હતા. પ્રમાણિકતા જીવનમાં ભરપૂર વણાયેલી હતી. નબળી આંખોના કારણે પિતાને નોકરી છોડવી પડી. પરિવાર આર્થિક સંકટમાં સપડાયો. બેને ઘરે રહી ૧૯૬૦માં બી.એ. (એસ.એન.ડી.ટી.) પાસ કર્યુ અને પાટણ નગરપાલિકામાં નોકરી શરૂ કરી.

બેન બાળપણને યાદ કરતાં લખે છે -

લગભગ સાત વર્ષની ઉંમરે ભગવાન પ્રાપ્તિનો વિચાર આવ્યો. બે વાર ધ્રુવ-પ્રહ્લાદની જેમ ઘર છોડીને જવા પ્રયત્ન કર્યો... પણ પાછા આવવાનું થયું.

○ **લગ્ન અંગે લખે છે -**

મારા અંતરની ખૂબ જ પ્રાર્થનાના અંતે ભગવાને મને મદદ કરી... (શરીર પર) સફેદ કોઢનાં ટપકાં ફૂટી નીકળ્યાં. મામા કેશરીચંદ પોંડિચેરી આશ્રમમાં વૈદ્ય હતા. તેમના થકી મને બ્રહ્મચારિણી રહેવાની પરવાનગી મળી ગઈ !

○ **જીવનપથ દર્શન અંગે બેન લખે છે -**

મારા ઘરમાં સારી લાયબ્રેરી હતી. મારા 'નાના' એક જ્ઞાનીપુરુષ હશે, તેમ પુસ્તકાલય ઉપરથી સમજાય છે. સત્ય શું છે ? લગ્ન કરવાં કે કેમ ? તે સમજવા પુસ્તકો બહાર કાઢ્યાં. તેમાં 'શ્રી યોગિની કુમારી' લેખક વિશ્વવંદ્ય અને 'શ્રી શારદામણી દેવી' પુસ્તકો મળ્યાં. આ બે પુસ્તકો પ્રેરણારૂપ બન્યાં. અને વૈશ્વિક માતૃત્વના ભાવમાં જીવન જીવવાની પ્રેરણા મળી અને વિશાળ માતૃત્વનો અનુભવ થવા લાગ્યો.

■ **સત્-સંગ**

○ પાટણમાં સર્વોદય કાર્યકર ગીરજાબહેન ત્રિવેદીને ત્યાં ચાલતી પ્રાર્થનામાં જતાં બેનને નવા નવા સંપર્કો થવા માંડ્યા. ૧૯૫૫માં પૂ. ડૉ. દ્વારકાદાસ જોષી સાહેબ (મોટાભાઈ)નો પરિચય થયો. ૧૯૫૭-૫૮માં વિનોબાજીની મહેસાણા જિલ્લાની ભૂદાન પદયાત્રામાં બેન સામેલ થયાં. યાત્રા દરમ્યાન નારાયણ દેસાઈ, હર્ષકાંતભાઈ વોરા તથા અન્યનો પરિચય થયો. ૧૯૫૭માં પાટણની બી.ડી.-હાઈસ્કૂલમાં શિક્ષિકા તરીકે નોકરી મળી. પાટણનાં જ પદ્માબહેન ભાવસાર અને મીરાબહેન ભટ્ટનો પરિચય થયો. તેમની સાથેસાથે સર્વોદય જગતમાં સક્રિય બનવાનું થયું. પાટણમાં ગાંધી જયંતીની ઉજવણીમાં પૂ. રવિશંકરદાદા આવેલા તેમનું પ્રવચન સાંભળ્યું. ૧૯૬૪માં ગાંધીઆશ્રમ ઝીલીયામાં મૂળશંકરભાઈ ભટ્ટનો પરિચય થયો.

○ ૧૭ વર્ષની ઉંમરે ડૉ. શિવાનંદ અધ્વર્યુ સાહેબ (આંખના ડૉક્ટર), ચિદાનંદ સ્વામી (ઋષિકેશ)નો તેમજ સ્વામી શિવાનંદજીના સંન્યાસીઓનો સંપર્ક થયો.

○ બેનનો પારિવારિક સંબંધ કેશરીમલભાઈ અને પુનમચંદભાઈ સાથે રહ્યો. તેઓ શ્રી અરવિંદ-માતાજીના ચાહકો. કેશરીમલભાઈએ પોંડિચેરી આશ્રમમાં આયુર્વેદ ઉપચાર કેન્દ્ર ચાલુ કર્યું. પુનમચંદભાઈ અવારનવાર પોંડિચેરી જતા હતા. શ્રી માતાજીના પતિદેવ પૌલ રીચાર્ડ પાટણ પુનમચંદભાઈને મળવા આવ્યા હતા. બેને પુનમચંદભાઈ જ્યાં રહેતા હતા ત્યાં બટૂક ભૈરવની વાડીમાં શ્રી અરવિંદ સર્કલ અને છાત્ર આવાસ ચલાવેલું. બેન પણ ત્યાં રહેતાં હતાં. બેને પોંડિચેરી જઈ પૂ.માતાજીના ખોળામાં માથું



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

મૂકીને આશીર્વાદ મેળવ્યા હતા. બેનના જીવનમાં શ્રી માતાજી માટેનું સમર્પણ અને શ્રી અરવિંદ દર્શન માટેની અભિરુચિ હંમેશાં માટે રહી. તેમના જીવનના અંતિમ પર્વમાં પણ શારીરિક વેદનામાંથી મુક્તિ પામવા માટે શ્રી માતાજીને પોકારતાં હતાં.

○ બેનના જીવનમાં દાસાનુદાસ મહારાજ (દયાનંદ તીર્થ)ની કૃપાદષ્ટિ સદા માટે રહી છે. મહારાજે હિમાલયના ટીહરી વિસ્તારમાં ગંગા કિનારે બાર વર્ષ સુધી એકાંત-ગુપ્ત તપોમય સાધના કરી હતી. ક્યારેક બેનને મળવા બાપજી આવતા, ક્યારેક બેન મળવા જતાં. મહારાજ સ્વામી રામતીર્થને ખૂબ ચાહતા હતા. તેમનો જીવનકાળ તા. ૧૩-૩-૧૯૧૪થી ૧૫-૪-૧૯૯૯નો રહ્યો.

○ જેમની સાથે ઘણાં વર્ષો સાથે કામ કર્યું તે શ્રી ભાનુવિજયજી મહારાજના વિચારો અને કાર્યોનું બેનના જીવનમાં મહત્ત્વનું સ્થાન રહ્યું. ભાનુવિજયજી મહારાજનો જન્મ તા. ૬-૭-૧૯૩૧ના રોજ એક જૈન પરિવારમાં પૂના શહેરમાં થયો હતો. તેમણે ૧૭-૫-૨૦૧૮ના રોજ ૮૭ વર્ષની વયે સાગોડિયા ગામે સર્વ મંગલમ્ આશ્રમમાં દેહત્યાગ કર્યો. ૧૨ વર્ષની નાની વયે દીક્ષા લીધી હતી. તેમણે જૈન આગમો-વ્યાકરણ, તર્કશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, દર્શનશાસ્ત્રો, જુદા જુદા સંપ્રદાયોનાં પુસ્તકો, વેદાંત, મીમાંસા, સાંખ્ય, તત્ત્વ કૌમુદી, બ્રહ્મસૂત્ર જેવાં અનેક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. પુખ્ત ઉંમરે તેઓ સ્વતંત્ર રહી વિહાર કરતા હતા. તેઓ દાસાનુદાસ મહારાજના પરિચયમાં આવ્યા. તેઓ પાટણ અને સાગોડિયામાં સ્થિર થયા. સાત દાયકા સુધી પ્રવચનો દ્વારા માનવચેતનાને ઊર્ધ્વગતિ આપવાનું કામ કરતા રહ્યા. તેમનાં પ્રવચનો પરથી ૪૫ પુસ્તકો તૈયાર થયાં છે. લોકશિક્ષણની સાથે સાગોડિયામાં બેન સાથે શાળાશિક્ષણનું કામ આરંભ્યું. જરૂર પડી ત્યારે રાહતનાં કામો કરવાની આશ્રમના સાથીઓને પ્રેરણા પણ આપી.

ભાનુવિજયજી મહારાજ બાલ સાધુ અવસ્થામાં તેમના ગુરુ શ્રી કેશરસૂરી મહારાજ સાથે પુનમચંદ મામા (શાહ)ને મળવા બટૂક ભૈરવની વાડીમાં આવી શ્રી અરવિંદને પૂછવાના પ્રશ્નો પુનમચંદભાઈને આપતા



માતા સમી મમતા અને સાથી સમો સ્નેહ - જિજ્ઞા દવે

હતા. શ્રી અરવિંદના જવાબો અંગ્રેજીમાં આવતા હતા. મામા તેમને ગુજરાતીમાં સમજાવતા હતા. ભાનુવિજયજી મહારાજને શ્રીઅરવિંદના પુસ્તક 'Life Divine' તેમજ અન્ય અંગ્રેજી પુસ્તકોને પાટણના કૃષ્ણાલાલ વકીલ તેમજ મોહનભાઈ પટેલ ગુજરાતીમાં સમજાવતા હતા.

**■ બેનના કર્મપથના બે મુકામો : ○ સાગોડિયા ○ ગણેશપુરા**

**○ સાગોડિયા. (પાટણ)**

પાટણથી ઉત્તર દિશામાં સરસ્વતિ નદી ઓળંગીને ડિસા રોડ પર ૭.૫ કિ.મી દૂર સાગોડિયા ગામ આવેલું છે. ત્યાં શિક્ષણકેન્દ્ર બનાવવાનું સ્વપ્ન શ્યામસુંદરભાઈ પરીખ, ભાનુવિજયજી મહારાજ અને બેનના માનસપટમાં નજીક નજીકના કાળમાં જ આવ્યું. ૧૨૩ વીઘા જેટલી ખરાબાની જમીન મેળવી લીધી પણ ત્યાં દારૂનાં પીઠાં ચાલતા હતાં. એક કદાવર વ્યક્તિએ તો હાથમાં મારક સાધન રાખીને બેનને મારી નાંખવાની ધમકી આપી હતી.

શરૂઆતમાં એક મંદિરમાં શાળાની શરૂઆત કરી, પરંતુ દલિત અને મુસ્લિમ બાળકોના પ્રવેશના પ્રશ્ને મંદિર છોડી ખરાબાની જમીનમાં બાવળ-કાંટા-ઝાંખરા સાફ કરીને કામકાજ શરૂ કર્યું. ૧૯૬૬માં સર્વ મંગલમ્ સંસ્થાની સ્થાપના થઈ. સંસ્થાના વિકાસમાં બહારના ઘણા બધાનો સહયોગ સાંપડ્યો. સંસ્થા તથા ગામ માટે રોડ અને વીજળીની સગવડ આપી. ખેડૂત વર્ગમાં ઊજળા ભાવીની આશા બંધાણી. રવિશંકર મહારાજના અધ્યક્ષસ્થાને સરપંચોનું સંમેલન યોજાયું. મહારાજ સાથે ભૂમિદાન, ગ્રામદાન માટે પદયાત્રામાં જવાનું થયું. ડૉ. જોશીસાહેબ અને બબલભાઈનો સાથ મળ્યો. બેને વર્ષ ૧૯૬૬થી ૧૯૭૫ સુધી સર્વ મંગલમ્ આશ્રમ માટે કામ કર્યું. તે પછી રાઈબેન પટેલે તેમજ અન્ય સાથીઓએ શ્રી ભાનુવિજયજીના સાંનિધ્યમાં આશ્રમનો વિકાસ કર્યો. આશ્રમશાળા, છાત્રાલય ઉપરાંત સ્વાધ્યાય હોલ, વીતરાગ કેન્દ્ર, ઓડિટોરીયમ, આત્મ આરાધના કેન્દ્ર, ભોજનશાળા, વાનપ્રસ્થનિવાસ, ગૌશાળાની પ્રવૃત્તિ ચાલે છે.

**○ ગણેશપુરા (સિદ્ધપુર)**

વર્ષ ૧૯૭૩માં બ્રહ્મવિદ્યામંદિર પવનારમાં એક ભગિનીમિલન મળ્યું હતું. તેમાં 'સ્ત્રી શક્તિ જાગરણ' અંગે કામ કરવાનો વિચાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. પૂ. જોષી સાહેબ - મોટાભાઈએ બેનને મહેસાણા જિલ્લામાં 'સ્ત્રી શક્તિ જાગરણ'નું કામ આગળ ધપાવવાની જવાબદારી સોંપી. બેનને પવનાર પણ જવાનું થયું. બેન લખે છે - બાબા (વિનોબા)એ 'માતૃ હસ્તેન શિક્ષણ'ની વાત કરી. ઉપરાંત લોકાભિમુખ રહીને કામ કરવાનું કહ્યું.

'જાગરણ' અભિયાન દરમ્યાન સિદ્ધપુર આસપાસના વિસ્તારમાં ફરતાં લોકોએ આ વિસ્તારમાં શાળા ચાલુ કરવા કહ્યું. ૧૯૭૩માં પવનારથી આવ્યા પછી બેનને મુંબઈ જવાનું થયું. કરસનદાસ માણેકને મળવાનું થયું. તેમનું ગીત - 'જીવન અંજિલ થાજો, મારું જીવન અંજલિ થાજો' લોકપ્રિય બન્યું છે. તેમની સાથે કેળવણી અંગે વાતો થઈ. કરસનદાસે કહ્યું, ''સારા યુવાનો (યુવતીઓ) પેદા થાય એવું શિક્ષણ આપવાનું કામ કરો.'' તેમના ગીતની પંક્તિઓના ગુંજારવે બેનના દિલ અને દિમાગનો



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કબજો લઈ લીધો. અંજલિમાં યોગાંજલિનો ધ્વનિ સંભળાયો. શ્રીઅરવિંદના પૂર્ણયોગ અને ગાંધીના કર્મયોગને અંજલિ એટલે 'યોગાંજલિ.'

શાળા માટે જમીન પ્રાપ્ત કરવામાં ખૂબ સંઘર્ષ વેઠવો પડ્યો. ગ્રામ પંચાયતે તળાવના કિનારાની પાંચ એકર જમીન સંસ્થાને ફાળવી તે સમયે એ જમીન ઉજ્જડ, ઉબડખાબડ અને સ્મશાનભૂમિ જેવી વેરાન હતી. કામની શરૂઆત પી.ડબલ્યુ.ડી.વાળા નવા રોડનું કામકાજ ચાલતું હોય ત્યારે એક નાની સરખી રૂમ બનાવે છે તેવી એક જૂની રૂમમાં રહીને કરી. થોડાંક વૃક્ષોનો છાંયડો અને જશમામાના મંદિરનો નાનો ઓટલો આરામ કરવા માટે હતો. પીવાના પાણી માટે કોઈ સગવડ ન હતી. બહેન થોડોક સમય ગણેશપુરા ગામમાં રહેવા ગયાં. કાચાં-પાકાં મકાનો બાંધી શાળા-છાત્રાલયનું કામ ચાલુ કર્યું. સાગોડિયાના કેટલાક શિક્ષકો પણ 'યોગાંજલિ'માં સાથ આપવા આવ્યા. વર્ષ ૧૯૭૪થી ૧૯૮૪નો દશકો ભારે સંઘર્ષમય રહ્યો. ધીરે ધીરે આજુબાજુનાં ૪૨ ગામોના વિદ્યાર્થીઓ શિક્ષણ પ્રાપ્ત કરવા આવવા લાગ્યા.

### ■ યોગાંજલિ ટ્રસ્ટના ઉદ્દેશો

○ યુવકમંડળો સ્થાપી યુવકપ્રવૃત્તિઓ વિકસાવવી.

○ દેશના પ્રશ્નો વિશે યુવકો સારી રીતે વિચારતા થાય તેવાં પ્રકાશનો તૈયાર કરવાં.

○ વિવિધ સંસ્કૃતિઓના અભ્યાસ દ્વારા સમાજનું પવિત્ર વાતાવરણ જાળવવા યોગ્ય માર્ગદર્શન આપવું.

○ ગ્રામજનોના સર્વાંગિક વિકાસ માટે પ્રયત્ન કરવો.

○ સામાજિક કુરૂઢિઓ અને અંધશ્રદ્ધા દૂર કરવી.

○ સત્ય અને અહિંસાના પાયા પર સદ્ગુણ પ્રધાન, શ્રમ પ્રતિષ્ઠિત શિક્ષણપદ્ધતિ વિકસાવવી.

○ શિક્ષણજગતનાં ઉભય તત્ત્વોનો વિવેકપૂર્વક સમન્વય સાધવો.

○ યુવકોના વિકાસ માટે શિબિરો, સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રવચનો, સેમિનારનું આયોજન કરવું.

○ શિક્ષણકાર્ય સાથે રચનાત્મક કાર્યોનું આયોજન કરવું. શિક્ષણ-કાર્ય સાથે આજીવિકા મેળવી શકે તેવા પ્રયત્નો કરવા. સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે ગ્રામોદ્યોગ એકમો શરૂ કરવા.

'યોગાંજલિ' આશ્રમને આગળ ધપાવવા, વિકસાવવા નાણાંકીય સહાય તેમજ હૂંફ પૂરી પાડવામાં ઘણા બધા લોકોએ બેનને તન, મન ધનથી મદદ કરી છે. આજે સંસ્થા એક વિશાળ સંકુલ તરીકે લીલીછમ દેખાય છે, સંસ્થાનું દર્શન કર્યા પછી ધન્યતા અનુભવાય છે તેમાં બેનના તપ સાથે ઘણા બધાનું યોગદાન રહેલું છે. ટ્રસ્ટીમંડળના સભ્યો, શિક્ષણ સાથે સંકળાયેલા સૌ સાથીઓ, સંસ્થા દ્વારા ચાલતાં રચનાત્મક અને સેવાનાં કાર્યો માટે હરપળે ઉત્સાહથી કામ કરનાર કર્મશીલો, એમ સૌના સાથસહકારથી સંસ્થાએ ૫૦ વર્ષ પૂરાં કર્યાં છે.

રમીલાબહેનની સેવા અને સમર્પણયુક્ત જીવનમાંથી પ્રેરણા પામી વર્ષ ૧૯૯૬માં સિદ્ધપુરના વતની કુ.જિજ્ઞાબેન દવે સંસ્થામાં જોડાયાં. તેમણે પોતાની પેથોલોજી લેબોરેટરીની ધીકતી કમાણી છોડીને સમગ્ર જીવન સંસ્થા અને સમાજના ઉત્કર્ષ માટે સમર્પિત કર્યું છે. તેમના થકી સંસ્થાએ વિકાસમાં હરણફાળ ભરી છે. યોગાંજલિ વિદ્યાવિહાર, કુમાર છાત્રાલય, સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર, ગ્રામોદ્યોગ સંકુલ, મહિલા કલ્યાણ કેન્દ્ર, શ્રી અરવિંદ યોગ કેન્દ્ર, કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ૫૦૦ વિદ્યાર્થીઓ બેસી શકે તેવું પ્રાર્થના મંદિર... અનેકવિધ પ્રવૃત્તિઓ થકી સંસ્થાનું પ્રાંગણ ધબકતું રહે છે.

### ■ સંસ્થાની ચાર દીવાલો બહારનું સેવાક્ષેત્ર

○ વર્ષ ૧૯૭૫-૭૬માં ભારે વરસાદના કારણે ઉત્તર ગુજરાતમાં મકાનો તૂટતાં અસરગ્રસ્તોને ૫૦૦ મકાનો બાંધી આપ્યાં. અને જરૂરી આર્થિક મદદ પહોંચાડી.

○ વર્ષ ૭૬-૭૭માં કૂવા રીચાર્જ, તળાવો બનાવવાનું, સિંચાઈની સગવડો કરી આપવાનું કામ કર્યું.

○ વર્ષ ૭૭-૭૮માં દલિતો માટે ખોલવાડામાં કોલોની તૈયાર કરી.

○ વર્ષ ૮૧-૮૨માં નિરાશ્રિતો માટે ૧૨૪ મકાનો બાંધ્યાં.

○ કશ્મિરમાં ધરતીકંપ હોય કે કચ્છમાં ધરતીકંપ હોય ત્યાં રાહત કામ માટે સંસ્થા પહોંચી છે. કચ્છમાં બેને સ્થળ પર હાજર રહીને મહત્ત્વની કામગીરી કરી હતી. યોગાંજલિ શાળામાં ત્યાંના ૧૦૦ વિદ્યાર્થીઓને લાવીને વસાવ્યા હતા. ० ગોધરા-અનુગોધરાનાં તોફાનો પછી વર્ષ ૨૦૦૨માં રાહતનાં કામો કર્યાં હતાં. ० વર્ષ ૨૦૦૬ની સુરત રેલમાં, વર્ષ ૨૦૦૮ બિહાર કોશી નદીની રેલમાં રાહતનાં કામો પણ કર્યાં હતાં.

આ યાદીને લંબાવી શકાય તેમ છે. આપણે થોડીક ઝલક જોઈ.

### ■ રમીલાબેન : ધબકતા માતૃત્વ હૃદય સાથેના ધરાતલના જીવન-યોગી

જીવનની એક પળે પોંડિચેરી આશ્રમમાં જતા રહેવાની ઇચ્છા ધરાવતાં બેને, ડૉ. જોષી સાહેબના આદેશથી સમગ્ર જીવન ઉત્તર ગુજરાતની સેવામાં પસાર કર્યું. 'મારે કોઈ નથી પરાયા'નો ભાવ સતત રહ્યો. મુશ્કેલીમાં મૂંઝવણ અનુભવતી ઘણી બધી યુવાન બહેનો તેમની સાથે આવીને રહી. વિવિધ પંથોના, વિવિધ વિચારસરણીવાળા મિત્રો સંસ્થામાં આવતા રહ્યા. સંવાદ કરતા રહ્યા. સર્વોદય સમાજના, શ્રીઅરવિંદ અને માતાજીના શ્રદ્ધા ધરાવનારા સૌ આવતા રહ્યા. સંસ્થાના સાથીઓ દિલ ખોલીને બહેન સાથે વાતો કરી શકે, ક્યારેક બેન જરૂરી સૂચનો પણ કરે. સત્તાનું કેન્દ્રીકરણ કોઈને જરા પણ ન લાગે. સંસ્થાના વિકાસ માટે ટાંચાં સાધનોમાં પણ સાહસ કરી આગળ ધપે. ઈશ્વરકૃપાથી કહો કે સંસ્થાની શાખ જોઈને જરૂરી નાણાંની સગવડ પણ થતી રહી.

સમાજે પણ બેનને ઘણાં એવોર્ડ્સ અને સન્માનપત્રો આપ્યાં. શક્ય હોય ત્યાં વિવિધ સંસ્થઓમાં બેન ટ્રસ્ટી બન્યાં. ગણેશપુરા ગ્રામપંચાયતના બિનહરીફ સરપંચ બનીને ૩૩ લાખ રૂ.નાં ગ્રામવિકાસનાં કામો કર્યાં. તેમની તબિયતમાં ચઢાવ-ઉતાર આવતા રહ્યા. છેલ્લાં વર્ષોમાં ૨-૩ વખત પડી જવાથી ઓપરેશન પણ કરવાં પડ્યાં. ઘણાં વર્ષો સુધી ઉત્તર ગુજરાતની ધરતી પર પગપાળા ચાલતાં રહ્યાં, બસોમાં

(જુઓ પાન નં. ૨૦)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# વલ્લભભાઈ પટેલ : સરદારને સમજીએ-૨

## ■ સરદાર અંગે વિનોબા

શ્રી કાન્તિભાઈ શાહે માર્ચ-૧૯૭૦માં 'ગાંધી : જેવા જોયા - જાણ્યા વિનોબાએ' પુસ્તક લખ્યું હતું. આ મૂળ પુસ્તક અને તેનો મરાઠી અનુવાદ વિનોબાજી વાંચી ગયા હતા. વિનોબાએ કહ્યું : ''સંપાદનનો આ પ્રયત્ન બહુ જ સારો છે, લાભદાયી છે. (પુસ્તકની) અધિકૃતતાની વાત કરે તેને કહેવું કે બાબા આ પુસ્તક જોઈ ગયા છે અને એમણે તેને પોતાની માન્યતા આપી છે, આશીર્વાદ આપ્યા છે.''

આ પુસ્તકમાં પ્રકરણ નં-૪ છે. ''કાચે રે તાંતણે મને મારા હરિજીએ બાંધી !'' આ પ્રકરણના પાન નં. ૪૯ પર વિનોબા-ખાદી અને સરદાર વિશેની વાત નોંધવામાં આવી છે, તેના પર નજર નાંખીએ.

''ખાદી અહિંસક સમાજરચનાની બુનિયાદ છે, એવું ગાંધીજીનું દર્શન બહુ ઓછાના ખ્યાલમાં આવ્યું છે. ગાંધીની આ વાત એમના નિકટના સાથીઓ પણ સમજી શક્યા નહોતા. મને યાદ છે કે સ્વરાજ્ય પછી એક ભાષણમાં સરદાર વલ્લભભાઈ પટેલે કહેલું કે, 'હવે ખાદી નહીં ચાલે. આપણે હવે એવા ઉદ્યોગો ઊભા કરવા પડશે કે જેમાં 'વોર પોટેન્શિયલ' હોય, એટલે કે લશ્કરી તાકાતની ગુંજાશ હોય, યુદ્ધના કાળમાં યુદ્ધ માટે જરૂરી સાધનો બનાવવાની અને યુદ્ધને ટેકારૂપ થવાની ક્ષમતા હોય. ખાદીથી ગ્રામોદ્યોગ વધશે, તેનાથી કાંઈ લશ્કરી તૈયારી નહીં થાય. માટે એવા જ ઉદ્યોગો વધારવા જોઈએ કે જેનાથી લશ્કરી (તાકાત) તૈયારી થઈ શકે.' - આ શબ્દો સરદાર પટેલે કહ્યા, તે મેં કાનોકાન સાંભળ્યા છે.''

વિનોબાજી આગળ ઉપર કહે છે -

''હવે, હું વિચારું છું કે દુનિયામાં 'વોર પોટેન્શિયલ'ની જેટલી જરૂર છે, તેના કરતાં વધારે જરૂર 'પીસ પોટેન્શિયલ'ની છે. આપણે એવાં કામો ઊભાં કરવાં પડશે, જેમાં શાંતિની ગુંજાશ હોય, સંભાવના હોય, ક્ષમતા હોય. અને એ ક્ષમતા ખાદી-ગ્રામોદ્યોગોમાં છે. ખાદી-ગ્રામોદ્યોગથી શાંતિની તાકાત વધે છે. સમાજમાં સ્થાયી શાંતિ જળવાઈ રહેવાની સંભાવના વધે છે. ખાદીમાં યુદ્ધક્ષમતા નથી, પણ શાંતિક્ષમતા કેટલી બધી છે ! અને શાંતિક્ષમતાની કીમત યુદ્ધક્ષમતા કરતાં વધારે નથી શું ? આપણે દુનિયાને યુદ્ધમાંથી નથી છોડાવવી ? દેશને લોખંડ, પોલાદ વગેરે જોઈએ, તેના કરતાંયે આખરે તો 'આંતરિક પોલાદ' જોઈએ. આપણી ભીતર એક પોલાદ હોય છે. એ ન હોય તો બહારના પોલાદ-ઉદ્યોગથી કાંઈ ન વળે. આવા આંતરિક પોલાદનું નિર્માણ કરી શકે એવી ક્ષમતા ખાદી-ગ્રામોદ્યોગોમાં છે. શાંતિની અને અહિંસાની નવી સમાજ-રચનાનો પાયો તે નાંખી શકે તેમ છે.''

આ હતો ભારતના ભાવિ વિકાસ અંગે વિનોબાજી અને સરદારના વિચારોમાં દષ્ટિભેદ.

## ■ વિનોબાજી સરદારને શ્રદ્ધાંજલિ આપતાં કેટલીક વાતો કરે છે

૫ ડિસેમ્બર ૧૯૫૦ના રોજ ૭૮ વર્ષની વયે પોંડિચેરીમાં શ્રી અરવિંદે દેહત્યાગ કર્યો. ૧૦ દિવસના ગાળામાં જ ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ના રોજ સરદારે ૭૫ વર્ષની વયે મુંબઈમાં દેહત્યાગ કર્યો. વિનોબાજી કહે છે, ઇતિહાસ સરદાર વિષેની બે વાતોની નોંધ લેશે.

- ❍ બારડોલી સત્યાગ્રહમાં સરદારે ભજવેલી ભૂમિકા.
- ❍ સમગ્ર ભારતને એક સૂત્રે બાંધીને ''ભારતકા અખંડ-સંધાન'' સાધવાનું કામ.

ખેડૂતોને જગાડ્યા, સંગઠિત કર્યા, હિંમતવાન બનાવ્યા. ગામડાના લોકોની ભાષામાં જ તેઓ પ્રવચનો કરતા હતા. બેરિસ્ટર હોવાથી રાજનીતિના આટાપાટાની ઊંડી સમજ તેમનામાં હતી. તેમના દિલમાં ખેડૂતોના દર્દ માટે ભારે દુઃખ સમાયેલું હતું. ખેડૂતોના પ્રશ્નોને સારી રીતે સમજી શકતા હતા.

હિંસાના પાયા પર લડાતા યુદ્ધ વિષે તો ઘણું બધું લખાયું છે. પરંતુ અહિંસાના પાયા પર લડાયેલા યુદ્ધના આ શાસ્ત્ર વિષે હજુ લખવાનું બાકી છે. સરદાર જેમાં સક્રિય રહ્યા હતા તે બારડોલીના સત્યાગ્રહને અહિંસક સત્યાગ્રહના એક સફળ પ્રયોગ તરીકે ઇતિહાસના ચોપડે નોંધવામાં આવશે.

સરદારે ઘણાં બધાં નાનાં નાનાં રાજ્યોનું વિલીનીકરણ કરીને એક અખંડ ભારતની રચના કરી છે. આ એક ઐતિહાસિક ઘટના છે.

સરદાર એક નિર્ભયી વ્યક્તિ હતા. ધૈર્યવાન હતા. લોકમાન્ય જેવા વિદ્વાન ન હતા પણ તેમના જેવા ધૈર્યવાન હતા. પોતાની વાત તેઓ સાફ સાફ શબ્દોમાં હંમેશાં કરતા હતા. તેમના કહેવાથી જેને જે લાગવું હોય તે લાગે, તેની ચિંતા કરતા ન હતા. કોઈ સામો પ્રહાર કરે તો પણ ડરતા ન હતા.

વિનોબા કહે છે - મેં તેમને પહેલી વખત સાબરમતી આશ્રમમાં જોયા હતા. તેઓ ત્યાં વચ્ચે વચ્ચે આવતા જતા હતા. (ગુજરાત) વિદ્યાપીઠમાં પણ તેઓ આવતા જતા હતા. વર્ધા (આશ્રમ)માં પણ આવતા હતા. એક વખત પવનાર પરંધામ આશ્રમમાં પણ આવ્યા હતા.

૧૭ ઑક્ટોબર ૧૯૪૦ના રોજ વ્યક્તિગત સત્યાગ્રહ થવાનો હતો તેમાં પહેલે દિવસે તેઓ આવ્યા હતા. ૧ કલાક ચર્ચા કરીને ગયા હતા. દિલ્હીમાં પણ વચ્ચે વચ્ચે તેમને મળવાનું થયું હતું. પરંતુ તેમ છતાં તેમની સાથે મારો વ્યક્તિગત પરિચય ખૂબ ઓછો હતો. અમારા આશ્રમ પરિવારમાં તેઓ એક મહત્ત્વની વ્યક્તિ હતા. (તેમના મૃત્યુથી) આજે મેં એક કુટુંબીજન ગુમાવ્યો છે તેમ લાગે છે.

તેમણે એક પણ પુસ્તક લખ્યું નથી. પ્રસંગે પ્રસંગે તેઓ પ્રવચન આપતા હતા પણ તેમને બોલવાનો શોખ ન હતો. તેઓ દેશના પ્રશ્નોની ચિંતા દિવસ-રાત કરતા રહેતા. લોકજીવનને સુખી બનાવવા અને સમાજના પ્રશ્નો ઉકેલવામાં જીવન વિતાવનાર તે સમાજસેવક-કર્મયોગી હતા.

ગાંધીજીના મૃત્યુ બાદ સરદાર કહેતા હતા - મારું તેમની સાથે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જ જવાનું નક્કી હતું. પરંતુ દેશની ચિંતાના કારણે તેમને થોડાક દિવસ રોકાઈ જવું પડ્યું. ગાંધી ગયા પછી જે કંઈ તેઓ જીવ્યા તે તેમની પ્રબળ ઇચ્છાશક્તિના કારણે તેમજ ઈશ્વરની વિશેષ પ્રેરણાના કારણે જ શક્ય બન્યું.

ગાંધીજીની છેલ્લી મુલાકાત સરદાર સાથે થઈ હતી. સરદાર મળીને ગયા પછી થોડાક જ સમયમાં ગાંધી ભગવાન પાસે જતા રહ્યા. સરદારશ્રીને ઘરે પણ પહોંચ્યા ન પહોંચ્યા ને પાછા વળવું પડ્યું. બાપુનો વિયોગ તેમણે હૃદયમાં દફનાવી દીધો અને દેશ-સેવાના કામમાં લાગી ગયા. તેઓ ધૈર્યના એક મહામેરુ જેવા હતા.

■ **સરદાર અંગે નારાયણ દેસાઈ**

શ્રી નારાયણભાઈએ ૧૯૮૬માં પુસ્તક પ્રગટ કર્યું - 'મને કેમ વીસરે રે ?' તેમાં પ્રથમ લેખ સરદાર પર છે. ૯ પાનાંના આ લેખમાંથી આપણે મહત્ત્વના મુદ્દાઓ પર નજર નાંખીશું.

○ સરદાર વલ્લભભાઈને લોખંડી પુરુષ કહેવામાં આવે છે. એમને ચાણક્ય કે મેકિએવેલી જોડે સરખાવવામાં આવે છે. એમને હિંદના બિસ્માર્ક કહેવામાં આવે છે. મને એમની સરખામણી શ્રીફળ જોડે કરવાનું મન થાય છે. એમને જનક વિદેહી જોડે મૂકવાનું મન થાય છે. તેમનામાં વજ્રથી યે કઠોર કાળજા જોડે એમનું કુસુમથીયે કોમળ હૈયું દેખાયા વિના રહ્યું નથી.

○ સરદારને કોંગ્રેસ સંગઠનના મોટા ભાગનો ટેકો હતો. તેઓ રાજકારણમાં નહેરુ કરતાં થોડાં વર્ષો 'સિનિયર' હતા. (તેમ છતાં) તેમણે નાયબ વડા પ્રધાન થવાનું સ્વીકાર્યું અને અનેક મતભેદો છતાંય દેશના હિત આગળ પોતાની મહત્ત્વાકાંક્ષાને નજીક પણ ન આવવા દીધી.

○ તેમના મૃત્યુના બાવીસ વર્ષ પૂર્વે બારડોલીના સત્યાગ્રહ વખતે તેમણે ગુજરાતની પ્રજાને ઉદ્દેશીને કહ્યું હતું કે 'તમે ભલે દૂબળા હો પણ કાળજું વાઘસિંહનું રાખો. સ્વમાન ખાતર મરવાની તાકાત હૃદયમાં રાખો. આ ત્રણે ગુણો - સિંહ જેવું કાળજું, સ્વમાન ખાતર મરી ફીટવાની આત્મશક્તિ અને મતભેદોથી ઉપર ઊઠવાની સમજણના ગુણો સરદારે પોતાના જીવનમાં ભરપૂર ખીલવ્યા હતા. તેથી જ તો તેઓ સ્વરાજની લડતના લડવૈયા અને રાષ્ટ્રીય એકતાના અદ્વિતીય ઘડવૈયા બની શક્યા હતા.

સરદાર મિતભાષી હતા. થોડા શબ્દોમાં ઝાઝું કહી જાણે. સ્વતંત્ર દેશની સરકારના માહિતી અને પ્રસારણ ખાતાના મંત્રી હતા ત્યારે એક વાર બારડોલી આવેલા. એનાથી થોડા મહિના પૂર્વે જ વેડછીમાં ગ્રામશાળાનું કામકાજ શરૂ કરેલું. મોહન પરીખને અને મને પાસે બેસાડીને એમણે એક જ પ્રશ્ન પૂછ્યો : તમારા કામથી તમને સંતોષ છે ? મેં એક જ શબ્દમાં જવાબ આપ્યો : 'સંપૂર્ણ'. બસ, પછી કોઈ વિગત પૂછી નથી. પરિપ્રશ્ન કર્યો નથી.

○ જોધપુરના રાજા નરેશ પાકિસ્તાન અને ભારત બંને જોડે પાર્ટીશન વખતે વાટાઘાટો કરી જેમાં વધારે લાભ થાય એમ હોય એની જોડે ભળવાની પેરવીમાં હતા. સરદારના સચિવ શ્રી વી. શંકરને કડક ભાષામાં કાગળ લખવા જણાવ્યું. કહેજો કે તમારા પૂર્વજોએ અકબર જોડે વૈવાહિક સંબંધ બાંધેલો એ વાત જાણીતી છે. પણ આજે એમ કરવા જશો તો તમે જ નુકસાનમાં જશો. અંતે જોધપુર ભારતમાં જોડાઈ ગયું.

○ મહાદેવભાઈ અને નરહરિભાઈ પરીખ અમદાવાદના જુવાન વકીલો પહેલી વાર કોચરબ આશ્રમમાં 'ગાંધી સાહેબ'ને મળવા નીકળ્યા ત્યારે ગુજરાત કલબમાં બેસીને પત્તાં રમતાં રમતાં વલ્લભભાઈએ એમની ટીખળ ઉડાડીને પૂછેલું કે ત્યાં તે વળી શું જોવા જવાનું છે ? આ જ વલ્લભભાઈ ત્યાર બાદ થોડાં વર્ષોમાં ગાંધીજીના મોટા ભક્ત શી રીતે થઈ ગયા ? એમાં નીચેનાં કારણો મુખ્ય લાગે છે.

- ગાંધીજીનો વ્યવહારના પાયા પર ઊભરતો આદર્શવાદ, અને સરદારનો આદર્શોન્મુખ વાસ્તવવાદ. ગાંધીજી આદર્શવાદી હતા પણ આદર્શ કદી વ્યવહારમાં ઊતરી જ ન શકે એવો આદર્શવાદ એમને ખપતો ન હતો. તેથી હિંદ સ્વરાજ લખ્યા બાદ પૂરાં સાત વર્ષે ભારત આવ્યા ત્યારે ભારત સારુ રાજનૈતિક પરાધીનતામાંથી મુક્તિ જેવો પ્રમાણમાં ટૂંકો ઉદ્દેશ તેમણે સ્વીકારી લીધો અને આદર્શ સમાજરચના અંગેનો પોતાનો ખરો આદર્શ મનથી કદી જતો નહોતો કર્યો; તે છતાં રોજિંદા જીવનનો વધુમાં વધુ સમય તો તેમણે સ્વરાજ્ય પ્રાપ્તિના તાત્કાલિક ધ્યેય પાછળ જ ગાળ્યો. બીજી બાજુ સરદારને ટપટપ સાથે નહિ, મમ્ મમ્ સાથે કામ હતું. સરદારે જોયું કે આ માણસ તો જે કહે છે તે કરી બતાવે છે. આનાથી વધુ વાસ્તવવાદી બીજો કોણ હોઈ શકે ? વળી સરદારને એવા વાસ્તવવાદની ખપ હતી કે જે આદર્શ તરફ લઈ જતો હોય. આદર્શવિહીન વાસ્તવવાદમાં તેમને કદીયે રસ નહોતો.

ગાંધીજી અને સરદાર બંને જણ મુખ્યત્વે બે સ્તરો પર કામ કરતા હતા. ગાંધીજી નૈતિક અને આધ્યાતિમક સ્તરે કામ કરતા હતા તો સરદાર રાજનૈતિક અને નૈતિક સ્તરે કામ કરતા હતા. અભયનો ગુણ ગાંધીજી અને સરદારમાં સમાન રૂપે વિકસ્યો હતો તેથી જ બંને ભારે કટોકટીના કાળમાં પણ ખભેખભો મેળવીને ચાલી શક્યા અને બંનેના સંયુક્ત પુરુષાર્થ વડે પ્રારંભમાં ગુજરાતની અને છેવટે દેશની ભૂમિમાં માટીમાંથી મરદ પાકી શક્યા. સત્તા વિષે સરદારને લગભગ ગાંધીજી જેટલી જ અનાસક્તિ હતી એવો મારો મત છે. મેં સરદારની સરખામણી જનક જોડે કરી છે. સરદારમાં અનાસક્તિ ન હોત તો કોંગ્રેસ સંગઠનમાં પૂરું વર્ચસ્વ ધરાવતા હતા ત્યારે તેમણે નાયબ વડાપ્રધાન થવાનું સ્વીકાર્યું જ ન હોત.

ભાવિ હિંદનું દર્શન સરદારનું અને ગાંધીજીનું જુદું જુદું હતું. સરદારને પ્લાનિંગ કમિશન દ્વારા એક પ્રકારનું આયોજન કરીને આગળ વધવાની વાત નહોતી ગમતી એ વાત પણ સાચી. પરંતુ ખાદી ગ્રામોદ્યોગ આયોગની સ્થાપના પહેલાં તેમણે એને ટેકો આપતાં છતાં છેવટે તો ઉદ્યોગમાં વોર પોટેન્શિયેલિટી -યુદ્ધ ક્ષમતા જોઈએ એમ કહેલું, જે ગાંધીજી કદી ન કહેત.

(જુઓ પાન નં. ૨૨)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સર્વોદયપ્રેમી : પદ્માબહેન



૯૬ વર્ષની ઉંમરે પણ પદ્માબહેન બૌદ્ધિક રીતે ખૂબ સજ્જ છે. એનું શ્રેય એમનાં દીકરી-જમાઈ રશ્મિબહેન અને પ્રવીણભાઈને આપી શકાય.

વ્યક્તિના વિકાસમાં પોતાના સિવાય કુટુંબનો હિસ્સો પણ મજબૂત હોય છે. મારે આ કથા માંડવી છે, જેમાં દીકરી-જમાઈ મા-સાસુમાને પ્રેમથી જાળવી રહ્યાં છે. સામાન્ય રીતે આપણે ત્યાં દીકરીની મા દીકરીને ત્યાં રહેવા નથી ઇચ્છતાં. સંજોગોને આધીન પદ્માબહેન રહ્યાં. જેને કારણે સમાજ માટે કાર્યરત રહી શક્યાં. હૃદયથી પ્રેમાળ, ગરીબો માટે હમદર્દી ધરાવનાર, ગરીબ દર્દીઓની મફત સેવા કરનાર તેમજ પોતાનાં કુટુંબીજનો સાથે હૂંફાળો સ્નેહસંબંધ રાખનાર તેમજ સર્વોદય મિત્રો સાથે પણ પ્રેમભર્યા સંબંધો રાખનાર પરિવાર સાથે પદ્માબહેનને રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે એનો સહજ સ્વીકાર એમને છે. એટલે પોતાને ભાગ્યશાળી માને છે.

પદ્માબહેનનો જન્મ ૧૬-૧૧-૧૯૩૦માં રંગૂન-બર્માના મ્યાનમારમાં થયો હતો. ૧૯૪૨માં કુટુંબ ભારત આવ્યું. ૧૯૪૭માં મુંબઈ યુનિવર્સિટીમાંથી મેટ્રિકની પરીક્ષા પાસ કરી. ૧૯૪૮માં લગ્ન થયાં. ૧૯૫૦માં કર્વે યુનિવર્સિટીમાંથી બી.એ.ની પરીક્ષા પાસ કરી. ૧૯૫૧માં પતિનું મૃત્યુ માર્ચ મહિનામાં થયું. ૧૯૫૧માં, સપ્ટેમ્બર માસમાં દીકરીનો જન્મ થયો. અને પાટણ-પિયેરમાં રહેવા આવ્યાં.

૧૯૫૧થી ૧૯૫૭ સુધી શાળામાં નોકરી કરી. નાની બાળકીને માતા-પિતા, ભાઈ-બહેનો પાસે મૂકીને કમાણી તરત શરૂ કરી દીધી. પણ તેનાથી સંતોષ નહોતો. પાટણમાં ભૂદાનયાત્રા પહોંચી ત્યારે તેમાં જોડાવવાની તીવ્ર ઇચ્છા થઈ. છ વર્ષ વિનોબાના કાર્ય સાથે જોડાયાં. ક્યારેક દીકરીને પણ સાથે ફેરવતાં. પણ દીકરી અને કુટુંબની જવાબદારીઓને માટે ૧૯૬૩માં અસારવા વિદ્યાલયમાં ફરી નોકરી સ્વીકારી. પવનાર તરફના પ્રબળ આકર્ષણને કારણે વર્ષમાં એક વાર અચૂક ત્યાં જતાં. કુટુંબની જવાબદારીઓ પણ હતી. આથી ૧૯૮૫ સુધી નોકરી કરી. નોકરીમાંથી નિવૃત્ત થયાં એટલે સર્વોદયના કામમાં કાર્યરત થયાં.

આ કાર્યમાં દીપિકાબહેનનો સાથ મળ્યો. તેથી સ્ત્રીશક્તિ જાગૃતિ સમિતિ મારફતે સંમેલન, શિબિર, પદયાત્રા વગેરેનું આયોજન કરતાં. પછી ભારતીબહેનને આ કામગીરી સોંપી. પણ કર્યા વગર જંપ વળે નહીં એટલે અમદાવાદમાં શાળા, કૉલેજ, મહિલામંડળો વગેરેમાં સાહિત્યવેચાણ દ્વારા સંપર્કયાત્રા શરૂ કરી. ૧૯૯૯માં સર્વોદય પ્રેસ સર્વિસની તેમજ ''ચિનગારી'' ત્રિમાસિકની જવાબદારી સ્વીકારી. ૨૦૧૩માં આ જવાબદારીમાંથી મુક્ત થયાં. પણ નવરાં બેસી ન રહ્યાં. નારાયણભાઈ દેસાઈના ચાર મહાગ્રંથ ''મારું જીવન એ જ મારી વાણી''ના સંશોધનકાર્ય માટે કાર્યરત રહ્યાં.

સ્વતંત્ર રહેવાનો શોખ. નાનકડો ફ્લેટ લઈને રહ્યાં. કામને લઈને દોડાદોડી થતી. પણ મ્યુ.બસ દ્વારા જ આવતાં-જતાં. એક વાર બસમાં ચડતાં ટક્કર વાગી. પગનું હાડકું ભાંગ્યું. આથી રશ્મિબહેન-પ્રવીણભાઈએ નિર્ણય કર્યો, હવે એકલાં રહેવાનું નથી. ફ્લેટ જ કાઢી નાંખ્યો. રશ્મિબહેન-પ્રવીણભાઈ સાથે રહેવાનું થયું. રશ્મિબહેનનો દીકરો અંકિત એ આંખનો ડૉક્ટર. વિશેષ ભણવા જામનગર રહ્યો. ત્યાં ૭૦ વર્ષની ઉંમરે રાંધી-ખવડાવવા પણ પદ્માબહેન રહ્યાં. અંકિતની પત્ની નીતિ પણ પદ્માબહેનની સંભાળ લે. પણ એ પોતે એવાં સક્ષમ અને ખખડધજ છે કે સૌની સંભાળ રાખે અને ક્યારેક સંભળાવે પણ ખરાં. રશ્મિબહેનની દીકરી બિંજન પરણીને સાસરે પહોંચી છે. એ પણ નાનીમાની કાળજી કરે. બિંજન ડ્રેસનું (સેલ)- વેચાણ ગોઠવે તો પદ્માબહેન હિસાબ-કિતાબ માટે પણ ત્યાં જાય.

આવા વિશાળ કુટુંબ આજના જમાનામાં અલભ્ય છે. ''અમે બે અમારાં બે''માંથી થોડું મન મોટું કરીને, વિશાળ દિલથી, સંયુક્ત ભાવનાથી જોડાયેલી ખૂબ ઓછી વ્યક્તિઓ જોવા મળે છે. હૉટલ-રેસ્ટોરન્ટમાં સાથે ગયાં હોય ત્યારે એમની પૂરતી કાળજી કરાય. અંકિતના પુત્રની પ્રથમ વર્ષગાંઠ ગોવામાં ઊજવવી એમ નક્કી થયેલું ત્યારે પણ પ્રપૌત્ર સાથે હાજર હોય જ. હજી તાજેતરમાં રશ્મિબહેન-પ્રવીણભાઈના લગ્નની ૫૦ વર્ષની ઉજવણીમાં પણ હાજરી !

મૈત્રીમાંના કેટલાક લેખોનું અને સપ્રેસ (સર્વોદય પ્રેસ સર્વિસ) માટે અનુવાદના કાર્યમાં પણ એમનું પ્રદાન ખાસ્સું રહ્યું.

અત્યારે (૯૬ વર્ષની વયે) પથારીમાં પડ્યાં પડ્યાં રોજ ગીતા-પ્રવચન વાંચે છે. ગજેન્દ્ર મોક્ષનો પાઠ કરે છે. બુદ્ધિ સતેજ છે. બધાને નામ દઈને યાદ કરે.

આવાં કર્મઠ, વિનોબા વિચારને વરેલાં પદ્માબહેનને પ્રભુ સ્વસ્થતા-નિરામયતા અર્પે એ જ અભ્યર્થના.

**– ભદ્રા સવાઈ**

---

**રમીલાબહેન...** (પાન ૧૭નું ચાલુ)

મુસાફરી કરી. જિજ્ઞાબેન આવ્યા પછી વાહનયોગ પણ ચાલ્યો.

■ **અંતિમ પર્વ**

ધીરેધીરે શરીર થાકવા માંડ્યું. પોતાના જન્મજાત પરિવારના સભ્યોએ વિદાય લીધી. પાટણમાં યુવા અવસ્થામાં બનેલા મિત્રમંડળના સભ્યોએ વિદાય લીધી. સર્વોદયના પ્રેરણાપુરુષોએ પણ વિદાય લીધી. ધીરેધીરે સંસ્થાનો કાર્યભાર સંભાળતી ટીમ તૈયાર થઈ ગઈ. ઘણા બધા મહેમાનોનો આવરો જાવરો રહ્યો. પણ તેઓ જાતને સંકેલવા લાગ્યાં. મૃત્યુના થોડાક દિવસો પહેલાં તેમની કોઈ ઇચ્છા-સૂચનો જાણવા પ્રયત્ન કરતાં બહેને સ્પષ્ટપણે જણાવ્યું કે કોઈ ઇચ્છા રહી નથી. આકાશમાં ઊડતાં પંખીઓ જેમ પગલાં પાડતાં નથી તેમ કોઈ પદચિહ્નો તેઓ છોડવા માંગતાં ન હતાં. ઘણા દિવસથી ખોરાકની અલ્પમાત્રા અને છેલ્લે પાણી પણ અલ્પમાત્રામાં લેતાં હતાં. આશ્રમવાસીઓની હાજરીમાં દેહ છોડી વિશ્વચેતનમાં પોતાની જાતને સમાવી લીધી.

**– રજની દવે**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# 'કહત ગાંધી-સુનો સબ સિટીઝન' યાત્રા

*''હે ભારત તારા ગાંધીને લાયક બનવાની હિંમત બતાવજે''*

– પર્લ બક

ગાંધીની આંગળી ઝાલીને યાત્રા સ્વરૂપે ગાંધીને લોકો સુધી લઈ જવાનો વિશ્વગ્રામનો આ ત્રીજો ઉપક્રમ હતો. પ્રથમ યાત્રા એ કીર્તિ મંદિરથી સાબરમતી આશ્રમ સુધીની વાહનયાત્રા હતી, જે લગભગ ૨૫ દિવસની હતી ને મોરારિબાપુએ યાત્રાને પ્રસ્થાન કરાવેલું અને ચંદ્રશેખર ધર્માધિકારીજીએ સાબરમતી આશ્રમમાં યાત્રાને આવકારી એનું સમાપન કરાવેલું. એ સિવાય આ યાત્રામાં પ્રા. રામજીસિંહ, ડૉ. રવીન્દ્ર દવે, સનત મહેતા, દાઉદભાઈ ઘાંચી, ગુણવંત શાહ, પી.કે.લહેરી, શાહબુદ્દીન રાઠોડ, પ્રવીણ દરજી, સ્વામી માધવપ્રિયદાસજી, રઘુવીર ચૌધરી જેવા અનેકોનો વાર્તાલાપ યોજાયેલો અને યાત્રાના પ્રાણ સમું નાટક હતું ''પાર્થને કહો ઉતારે બાણ, હવે તો બુદ્ધ એ જ કલ્યાણ.'' એ પછીની બીજી યાત્રા એ પોરબંદરથી દાંડીની પદયાત્રા હતી, જે લગભગ ૬૦ દિવસ ચાલેલી. આ યાત્રાના પદયાત્રિકો માટે આ યાત્રા જાત્રા સમાન હતી. અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે લઈને ચાલેલી આ યાત્રામાં સુધીર ચંદ્ર, વર્ષા દાસ, જલપુરુષ રાજેન્દ્રસિંહ, કુમાર પ્રશાંત, કુમારપાળ દેસાઈ, રતિલાલ બોરીસાગર, અમૃત ગંગર, દીપક સોલિયા, વિદ્યુત જોશી, અરુણ દવે વગેરે અનેકોના વાર્તાલાપો પણ થયેલા.

આ બંને યાત્રાના અનુભવોનો રોમાંચ, બંને યાત્રામાં થયેલું સૌનું ઘડતર અને યાત્રા દરમિયાન બનેલા માહોલને લઈને વિશ્વગ્રામના ઘણા સાથીઓને મનમાં થતું હતું કે ગાંધીને લઈને આવી યાત્રા દર વર્ષે આપણે યોજવી જોઈએ ! અને શાશ્વત મૂલ્યોની વાત નવા સ્વરૂપે નવી પેઢી સુધી પહોંચાડવી જોઈએ. ગાંધી તો કહેતા જ હતા ને કે, ''મારે દુનિયામાં નવું કશું શીખવવાનું નથી, સત્ય અને અહિંસા અનાદિકાળથી ચાલ્યાં આવે છે !'' અને આમ 'કહત ગાંધી-સુનો સબ સિટિઝન' યાત્રાએ એનો આકાર લીધો. અને આ યાત્રા ૧૯ ડિસે. ૨૦૨૫થી ૨ જાન્યુ. ૨૦૨૬ એમ ૧૫ દિવસ માટે ઉત્તર ગુજરાતમાં યોજવી એમ નક્કી થયું.

ઉત્તર ગુજરાતમાં ગાંધીનું પગેરું ત્રણ જગ્યાએ મળી આવે છે. ઉ.ગુ.માં ગાંધીજી એ દિવસોમાં જો ક્યાંય આવ્યા હોય તો એ ૧૯૨૯માં કડી અને એ પહેલાં ૧૯૧૯માં કલોલ અને વિજાપુર, અને વળી પાછો ગાંધીને ચરખો પણ વિજાપુરથી મળેલો અને આથી આપણી આ યાત્રાની શરૂઆત સર્વ વિદ્યાલય-કડીથી ૧૯ ડિસે. ૨૦૨૫ના દિવસે થઈ. એ દિવસોમાં ગાંધી સર્વ વિદ્યાલયના પ્રાંગણમાં બોલેલા : ''આ સંસ્થાની મુલાકાત લેવા હું એક વર્ષથી આતુર હતો. આ સંસ્થાની પાછળ છગનભાઈ વગેરે વ્યક્તિઓ પોતાનું સર્વસ્વ રેડી રહી છે, એ સાંભળ્યું ત્યારથી અહીં આવી જવાનું મન થયું હતું. આ સંસ્થાને કડીના શહેરીઓ અને વડોદરા રાજ્યના લોકો રક્ષો અને પોષો એ ઇચ્છવાજોગ છે. અહીં તમારાં છોકરાં મોકલવાને તૈયાર થાઓ તો તે સારી કેળવણી પામી શકે છે. અક્ષરજ્ઞાન કરતાં પણ વધુ મૂલ્યવાન આચાર અને વિચારની શુદ્ધિ તમને અહીં મળશે. આ સંસ્થાના નિવેદનની સરળતા અને શુદ્ધતાને સારુ હું મંત્રીને, સંચાલકોને ધન્યવાદ આપવા ઇચ્છું તેની સાથે મારું દુઃખ પણ જાહેર કરવું જોઈએ, કે તેઓ હજી અસ્પૃશ્યતાનો કોયડો ઉકેલી શક્યા નથી તે બરોબર નથી. અસ્પૃશ્યતાનિવારણ વિના હિંદુ ધર્મ કલ્પી શકાતો નથી.''

અને યાત્રાનું સમાપન સર્વોદય આશ્રમ-માઢી વિજાપુરમાં ૨ જાન્યુ. ૨૦૨૬ના દિવસે થયું. ઠેઠ હિંદ સ્વરાજના સમયથી ગાંધીના હૃદયમાં તો રેંટિયો ફરતો જ રહ્યો હતો. તેથી જ તેમણે એ વેળા કહેલું કે, રેંટિયાની મારફતે આપણા દેશની કંગાલિયત મટે એમ છે. ''જે રસ્તે ભૂખમરો ભાગે એ રસ્તે સ્વરાજ મળે એ તો સહુ સમજી શકે એવી વાત ગણાય.'' આ રેંટિયો ગંગાબહેનને ગુજરાતમાં સારી પેઠે ભટક્યા પછી ઘણી જહેમત બાદ ગાયકવાડના વિજાપુરથી મળી આવેલો. ગાંધીએ કાંતણને ઈશ્વરનું કાર્ય માનેલું. કાંતવું એ એમના માટે તપ કરવા જેટલું પવિત્ર હતું. એ કહેતા કે, રેંટિયાને આંટે આંટે શાંતિના ને પ્રીતિના તાર કંતાય છે. તેઓ ભગવાનને પ્રાર્થના કરતા કે હે ભગવાન, જો મને આ દુનિયામાંથી કોઈ દિવસ ઉપાડી લે તો એવા સમયે ઉપાડી લેજે કે જ્યારે મારા એક હાથમાં રેંટિયાનો હાથો હોય અને બીજા હાથથી પૂણીમાંથી સૂતર કાઢી રહ્યો હોઉં !

આ આખી યાત્રા દરમિયાન યુવક-યુવતીઓ અને કિશોર-કિશોરીઓના બહુ જ મોટા સમૂહને સંબોધવાનું આપણે નક્કી કરેલું (લગભગ ૧૮,૦૦૦ને સંબોધ્યા) તેથી એમને સ્પર્શી શકાય એવાં માધ્યમો થકી એમની પાસે પહોંચવાની આપણી નેમ હતી. આ કારણે આપણી યાત્રામાં પ્રથમ દિવસે કાર્તિકેય સારાભાઈ આવેલા અને અંતિમ દિવસે હસમુખ પટેલ (નિવૃત્ત આઈ.પી.એસ. અધિકારી) આવેલા. નાતાલને દિવસે સર્વમંગલમ્ આશ્રમ-સાગોડિયામાં યોજેલ ગાંધી ગોષ્ઠિમાં મહેબૂબ દેસાઈએ રેવરન્ડ જોસેફ ડોક લિખિત 'ગાંધીજીનું પહેલું ચરિત્ર' પર સંવાદ કરેલો... આ આખી યાત્રામાં બીજા કોઈનો સંવાદ આપણે રાખ્યો નહોતો ! આની પાછળનું કારણ પણ એ હતું કે આ યાત્રામાં આપણે યુવક-યુવતીઓ, કિશોર-કિશોરીઓના ઘણા મોટા સમૂહને સંબોધવાનું રાખેલું. તેથી એમને સ્પર્શી શકાય અને એમના હૃદય સુધી પહોંચી શકાય એવાં નાટક, ગીત-સંગીત વગેરે જેવાં માધ્યમોનો આપણે સાથ લીધેલો.

યાત્રાના કેન્દ્ર સ્થાને હતું નાટક ''આઓ લકીરેં મીટા દે...'' આઝાદીનાં આટલાં વરસો સુધી નહીં ઉકેલાયેલા માત્ર નહીં પરંતુ વધારે અણીયાળા બનેલા એવા અસ્પૃશ્યતા-કોમી વિસંવાદ-હિંસા જેવા ત્રણ સવાલોને ઉઠાવતું અને જોનારના હૃદયમાં ભાવાત્મક રીતે પ્રવેશ કરી જતું આ નાટક વિશ્વગ્રામના સૌ સાથીઓ, મુખ્યત્વે પ્રા.ઈલિયાસ અને પ્રા.આશિષ ઠાકરે તૈયાર કરેલું અને ભુપેન હઝારિકા અને વિનય-ચારુલનાં ગીતોએ તેમાં રંગો પૂર્યા છે !

આ યાત્રાના પાછલા બધા દિવસોમાં ઝારખંડનાં પ્રસિદ્ધ લોકગાયિકા અને હિંદી ફિલ્મોના પાર્શ્વગાયિકા મેઘા ડાલ્ટન આજથી ૧૦૦ વર્ષ પહેલાં બિહારના આદિવાસીઓ દ્વારા ગવાતાં ગાંધીનાં ગીતો લઈને આવેલાં અને અમે એ ગીતો થકી કહેવા લાગ્યા....

*'બડે બડે સિપાહી બંદૂક સે લડે, ગાંધીબાબા કાનૂન સે લડે....*
*બડે બડે વ્યાપારી કારખાના ચલાયે, ગાંધીબાબા ચરખા ચલાયે...'*



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

*'મોહે તૂટે ના ચરખા કે તાર, ચરખવા ચાલુ રહે....*
*ગાંધીબાબા દુલ્હા બને હૈ ઔર દુલ્હન બની સરકાર,*
*ચરખવા ચાલુ રહે....'*

અને આમ આ પ્રેમનો ચરખવો-શાંતિનો ચરખવો-સમાનતાનો ચરખવો-સદ્‌ભાવનાનો ચરખવો આપણે આ ૧૫ દિવસમાં ૩૧ સ્થળોએ ફેરવ્યો.... જેમાં લગભગ ૧૮,૦૦૦ યુવક-યુવતીઓ, કિશોર-કિશોરીઓ અને શિક્ષકો-નાગરિકો જોડાયાં.

ક્યાંક ડંકેશભાઈ ઓઝાના વાર્તાલાપ પણ થયા. ડંકેશભાઈ-ભારતીબહેન, રમેશ વૈષ્ણવ, નમ્રતા-કેતન, પ્રવીણ સુથાર, રૂચા અને ઉર્મિ, રાજ-ગોવિંદ અને સુરેશ આ ૧૧ સાથીઓએ સમગ્ર યાત્રામાં વાર્તાલાપ-નાટક-પુસ્તક પ્રદર્શન-શાંતિ અને અહિંસાનું પ્રદર્શન વગેરે પણ યોજ્યાં. પહેલા અને અંતિમ દિવસે ડૉ. નરેન્દ્ર શાસ્ત્રીએ જુગતરામકાકાનું 'એનું જીવનકાર્ય અખંડ તપો, અમ વચ્ચે બાપુ અમર રહો'ની ગુંજ નવા કાનો સુધી પહોંચાડી અને યાત્રા દરમિયાન ઠેર ઠેર નવયુવાન દ્વારા બોલાતું Love you Gandhi સાંભળી સ્મરણ થાય છે એ પ્રસંગનું....

માર્ટિન લ્યુથર કિંગની હત્યા થઈ એ પછીના દિવસોમાં એક કાર્ટૂનમાં કિંગ સ્વર્ગમાં દાખલ થાય છે અને ગાંધીને મળે છે, ત્યારે ગાંધી કહે છે : ડૉ. કિંગ ખૂનીઓને વિશે વિચિત્ર વાત એ હોય છે કે એ લોકો એમ માને છે કે પોતે તમારી હત્યા કરે છે !

વિશ્વગ્રામ **– તુલા-સંજય**

---

**વલ્લભભાઈ પટેલ...** (પાન ૧૮નું ચાલુ)

○ સરદારની શિસ્ત જાણીતી છે. કદાચ ગુજરાતમાં શિસ્તનો આગ્રહ એમને લીધે જ વધુ પ્રચલિત થયો હશે.

○ સરદાર વિશે એક ગેરસમજૂતી એવી છે કે તેઓ મુસલમાન દ્વેષી હતા. ભારત-પાક ભાગલા પડ્યા ત્યારે બહુમતીની લાગણીને પણ અન્યાય ન થાય એનો વિચાર તેઓ અવશ્ય કરતા. મુસ્લિમ લીગના કેટલાક આગેવાનો વિષે એમને વિશ્વાસ નહોતો એ વાત પણ સાચી. પણ વી.શંકરે લખેલાં સ્મરણોમાં એ વાત સ્પષ્ટ થાય છે કે સરદારે પોતે હાજર રહીને જ આખી મુસ્લિમ ટ્રેનોને કત્તલ થતી કેવી રીતે બચાવી હતી.

○ શ્રીનગર પરની પાકિસ્તાનની ચડાઈ વખતે સરદારે જાતે એરપોર્ટ પર હાજર રહીને કાશ્મીરનું જોડાણ-ખત આવતાંની સાથે ત્યાંથી જ બારોબાર શ્રીનગર તરફ વિમાનો રવાના ન કર્યાં હોત તો કાશ્મીરનો આટલો ભાગ પણ ભારતની સાથે ન રહ્યો હોત એ હકીકત છે.

○ માણસ પારખવાનો સરદારનો ગુણ એમને વહીવટ અને સંગઠન બાબતમાં સરદાર બનાવતો હતો. સામાન્ય રીતે તેઓ સાથીઓની નબળાઈ પારખતા, પણ એની ફજેતી ન કરતા. હા કોઈ વાર પ્રતિપક્ષી સરદાર અજાણ છે એમ માનીને આગળ વધવા કરે તો એને ઉઘાડો પાડતા ખરા. વીર નરીમાન, ડૉ. ખરે અને નેતાજી સુભાષની બાબતમાં એવું જ કાંઈક બનેલું.

○ સરદારે દેશનાં સેંકડો રજવાડાંને એક કર્યાં એની પાછળ એમની કુનેહ અને મુત્સદ્દીગીરી તો હતાં જ, પણ એટલી જ કુશળ એમની રચનાત્મક દૃષ્ટિ પણ હતી. સરદાર જેમ નિરુપયોગી તત્ત્વોને ઉખેડી જાણતા હતા તેમ સમાજ માટે ઉપયોગી તત્ત્વોને જાળવી પણ જાણતા હતા. તેમણે રજવાડાઓમાંથી પણ રચનાત્મક શક્તિનું સંયોજન દેશના નવનિર્માણમાં કરી લીધું. કોઈ પણ દેશની આઝાદીની લડાઈ લડવા સારુ અને તેમાં જીત્યા બાદ એ આઝાદીને એકતા અને આબાદીમાં ફેરવવા સારુ કાર્યકર્તાઓની એક મોટી તાલીમ પામેલી ફોજની જરૂર પડે છે. ગાંધીજીની સફળતા પાછળ સરદારનો ફાળો આજે સમજાય છે એના કરતાં ભવિષ્યમાં વધુ સમજાશે. કારણ કે એમની કીર્તિ માત્ર સફળતાના નહિ પણ નૈતિકતાના પાયા પર ખડી હતી.

સરદારના ગયા પછી એમની સ્મૃતિને ઝાંખી પાડવાના વ્યવસ્થિત પ્રયાસો આપણા દેશમાં થયા હોય એમ લાગે છે. પરંતુ એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય કે તમોગુણમાં સૂતેલા ગુજરાતને આળસ ખંખેરીને બેઠું કરનાર ગાંધીના સત્યાગ્રહ આંદોલનને નક્કર સંગઠનનો ટેકો પૂરો પાડનાર, વિખરાયેલા અને વિખરાતા ભારતને એકતાને તાંતણે બાંધનાર, વ્રજ શી શકિત ધરાવતા છતાં અંતરને કુસુમશું કોમળ રાખનાર સરદારની સ્મૃતિને કોઈ ઝાંખી પાડી શકે એમ નથી.

હવે પછીના અગામી લેખમાં આપણે દાદા ધર્માધિકારી સરદાર વલ્લભભાઈ પટેલ અંગે શું કહે છે તે પર નજર નાંખીશું.

**– રાજુ રૂપપુરીઆ**

---

**વાંચનથાળ..** (પાન ૧૦નું ચાલુ)

○ રવિશંકર મ. રાવળ (કુમાર) કહે છે – .....ગાંધીજીના જીવનના ક્રમવાર-પ્રસંગોની ચિત્રમાળા સરજવામાં શ્રી સરલાબહેનનું કાર્ય બેનમૂન રહે તેવું છે.

....ચિત્રોમાં એવા પ્રસંગોની પસંદગી થઈ છે કે જેમાં સત્ય, અહિંસા, પ્રેમ, કરુણા, અભય આદિ મૂળભૂત સદ્‌ગુણો પ્રકટ થતા હોય (તેવા) પ્રસંગો અને ચિત્રનિર્માણ માટે શ્રી સરલાબહેન સર્વથા યશભાગી છે. એમના પર ઈશ્વરના આશીર્વાદ હો.

○ નિસર્ગ આહીર કહે છે – સરલાદેવી રમણીયતાને અને શુદ્ધ સૌંદર્યાનંદને નિરૂપિત કરતાં કલાકાર છે. જીવનવિધાયક પરિબળ તરીકે તેમણે કલાની સાધના કરી છે. કલા ખાતર કલા નહીં, જીવન ખાતર કલા, એ એમનો જીવનમંત્ર છે. એમની કલા માનવકેન્દ્રી રહી છે. કલાકૃતિમાં ભાગવત ઊર્ધ્વચેતનાને લક્ષિત કરી છે. એટલે જે તે પાત્રની પ્રભાવાત્મક્તા, ઊર્જા, સકારાત્મક શક્તિ કલાકૃતિમાં રૂપાંતરિત થાય તેવા પ્રયાસ વિશેષ કર્યા છે. આ પાત્રો તથ્યપરક નહિ તેટલાં ભાવપરક છે.

ચિત્રકાર સરલાદેવી વિશ્વચેતનાને એની સમગ્રતામાં સંવેદે છે એટલે જ એમના ચિત્રવિષયો પણ કશીક ઉત્તમ કે આદર્શ ભાવસ્થિતિનાં પ્રતીકો બની રહે છે. ગાંધીચેતનાની વ્યાપક સૃષ્ટિની જેમ જ ઉલ્લેખનીય છે, સ્ત્રીત્વના આયામોનું રૂપાંતરણ. નારીચેતનાની અનેકવિધ રમણાને અભિવ્યક્ત કરતાં એમનાં ચિત્રો ખાસ ઉલ્લેખનીય છે.

**– રશાંસ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અમૃત મહોત્સવ... (પાન ૦૮નું ચાલુ)

○ ગાંધીના હેરિટેજ પોર્ટલ જેવું વિનોબાજીનું કરવું જોઈએ. (ગ્રામ શિલ્પીઓ દ્વારા કામ કરી શકું) -અતુલ પંડ્યા

○ ભૂમિપુત્રનું પ્રથમ પાન ચિત્રસભર હોવું જોઈએ. -મુનિ દવે

○ આપણી સાથે અસહમત હોય પણ અહિંસક પ્રવૃત્તિ કરતા હોય તેમની સાથે સંવાદ કરવો જોઈએ. -સુખદેવભાઈ

○ આપણા કામમાં યુવાનોને જોડવા જોઈએ. - ભરત જાંબુચા

○ દક્ષિણ ગુજરાતની ઉત્તર બુનિયાદી સંસ્થાઓનો સંપર્ક કરી શકાય. ગાંધીકથા જો પેન ડ્રાઈવમાં મળે તો સંસ્થાઓમાં પહોંચાડી શકાય. -સત્યકામ જોષી.

○ 'સેવા રૂરલ'ના સહયોગમાં કામ કરીશું. ફરતા ગાંધીમેળા કરીશું. ૬ જેટલી શિબિરો કરીશું. ભૂમિપુત્રના ૩ વર્ષના ગ્રાહકો બનાવીશું. -યોગેશભાઈ જોષી

○ આપણા ગ્રુપમાં બહેનોની સંખ્યા વધવી જોઈએ. તરુણ શાંતિ સેના સક્રિય હતી તે વખતે જે માહોલ હતો તેવો માહોલ રચવો જોઈએ. - મધુસૂદનભાઈ વ્યાસ (મોડાસા)

○ કાન્તિભાઈ શાહ સાથે ૫૦-૬૦ વર્ષ જૂનો સંબંધ રહ્યો છે. પિંડવળની ખાદીનું મોટાપાયે વેચાણ કર્યું છે. ખાદીમાં નવી આધુનિક મશીનરી અપનાવવી જોઈએ. -પ્રકાશભાઈ શાહ (પિંડવળ)

○ નવી વ્યક્તિઓને જોડવા લચીલા માપદંડો રાખવા, પોડકાસ્ટ પ્રકારના વિડીઓઝ બનાવવા, ભૂમિપુત્રના જૂના અંકોમાંથી શોધી પસંદગીના લેખો ફરી છાપવા. સાંસ્કૃતિક કર્મશીલ કલાકારો, નાટ્યકારોનો સહયોગ લેવો, લેખક-વિષય આધારિત સૂચિ તૈયાર કરવી. પુસ્તકોના પરિચયના લેખો આપવા. -પાર્થ ત્રિવેદી

○ શાળા - સંસ્થાઓમાં જઈ વિવિધ વિષયો અંગેની પ્રેક્ટીકલ વાતો કરવી જોઈએ, જેમ કે સજીવ ખેતી કેવી રીતે કરવી. -સુરેખાબહેન શાહ

○ ગામડામાં રહીને કામ કરતા ગ્રામશિલ્પીઓના કામ અંગે ભૂમિપુત્રમાં લખાવું જોઈએ. -ભારતીબેન ભટ્ટ

○ બાળકો માટે સાહિત્ય તૈયાર કરવું જોઈએ, યુવાનો માટે શિબિર અને કાર્યક્રમો ગોઠવવા જોઈએ. -હિરેન

○ ભૂમિપુત્ર અંગેના અભ્યાસ માટે રીસર્ચ ફેલોશીપ આપવી જોઈએ. યુવાનો ગાઈ શકે તેવાં ગીતો ગાનારાઓની ટીમ બનાવવી જોઈએ. નગરયાત્રાઓ કરવી જોઈએ. શહેરના પ્રશ્નો ઉજાગર કરવા જોઈએ. -ક્રિષ્ણકાંતભાઈ, સ.મં.પ્રમુખ

ભૂમિપુત્ર-૭૫ની ઉજવણી માટેની આ પહેલી મિટિંગ હતી. કામને આગળ ધપાવવા મટે મળતા રહેવાનું થશે. આપ આ પ્રક્રિયામાં સક્રિય રીતે ભળવા માંગતા હોવ તો ભૂમિપુત્ર સંપાદક ટીમના મિત્રોનો સંપર્ક કરી શકો છો.

○ સ્વાતિ દેસાઈ - મો.: ૯૪૨૯૫૫૬૧૬૩
○ પારુલબેન - મો.: ૯૯૯૮૦૪૧૨૨૬
○ રજની દવે - મો.: ૭૯૯૦૯૫૬૮૩૦

**- રજની દવે**

# ભાવભર્યું આમંત્રણ

ગુજરાતી સાહિત્યને જેણે વિશ્વસાહિત્યના ઉંબરે પગ મુકાવ્યો હતો તે ચાર ભાગમાં લખાયેલ મહાનવલ 'સરસ્વતીચંદ્ર'નું સમાપન ગોવર્ધનરામ ત્રિપાઠીએ ઈ.સ. ૧૯૦૧માં કરેલું તેથી વર્તમાન ૨૦૨૬નું વર્ષ 'સરસ્વતીચંદ્ર'ની સવા શતાબ્દીનું છે. આ ઘટના ગુજરાતના સાહિત્ય અને સંસ્કારવારસા સાથે સંકળાયેલા સહુ કોઈ માટે ગૌરવ સમાન છે. આ ગૌરવવારસનું માહાત્મ્ય ગરિમાપૂર્વક થાય એ ગુજરાતી તરીકે આપણા સૌનો આનંદ છે.

સાક્ષરનગરી નડિયાદની સવાસો વર્ષ જૂની અ.સૌ. ડાહીલક્ષ્મી લાયબ્રેરી આજે ગોવર્ધનરામ ત્રિપાઠીના નિવાસસ્થાનને 'શ્રી ગોવર્ધનરામ સ્મૃતિમંદિર' તરીકે જાળવી રહી છે. જે ગુજરાતભરમાં ઉત્તમોત્તમ સ્મારક તરીકે જાણીતું થયું છે.

આપને વિનંતી છે કે આપની શાળા કે કૉલેજ કે કોઈ પણ પ્રકારની સંસ્થાના સદસ્યો અને વિદ્યાર્થીઓનો એક મુલાકાત-પ્રવાસ આ સાહિત્યતીર્થમાં ગોઠવીને આપ પણ 'સરસ્વતીચંદ્ર'ની સવા શતાબ્દી ઊજવી શકો છો. અમે આપને ખાતરી આપીએ છીએ કે આપની આ સાહિત્યિક યાત્રા સાચા અર્થમાં જ્ઞાનયાત્રા બની રહેશે.

વળી, નડિયાદ તો સંત, સપૂત અને સાક્ષરોની ભૂમિ છે. તે સરદાર પટેલની જન્મભૂમિ છે. પૂ. શ્રીમોટા કે શ્રી સંતરામ મંદિરનું શ્રદ્ધાકેન્દ્ર પણ છે. આપને એક આખો દિવસ પણ નગર નડિયાદના પ્રવાસ માટે ઓછો પડે, એટલાં આકર્ષણો અહીં મોજૂદ છે.

આપને અમે અહીંના ગોવર્ધનરામને, સરદાર પટેલને અને સંતરામ મંદિરની જનસેવાને જોવા પધારવાનું હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ, જે સ્વીકારવા વિનંતી છે.

સંપર્ક : શ્રી બીરેન કોઠારી. મો.: ૯૮૯૮૭૮૯૬૭૫, શ્રી હસિત મહેતા, મો.: ૯૮૨૫૭૮૦૮૮૯ મુલાકાત સમય સવારે ૧૦ થી સાંજે ૬, બુધવારે રજા.

ખાસ નોંધ : શાળા-કૉલેજનાં વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે જરૂરિયાત મુજબના ચા-નાસ્તા-ભોજનની વ્યવસ્થામાં પણ અમે આપને મદદરૂપ રહીશું.

**માનદ્‌મંત્રી, હસિત મહેતા**
અ.સૌ. ડાહીલક્ષ્મી પુસ્તકાલય, નડિયાદ

ભૂમિપુત્ર
હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨
સંપાદક : **રજની દવે**
સં. મંડળ : **સ્વાતિ • પારુલ**
દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.
વાર્ષિક લવાજમ રૂ.૩૦૦
આજીવન અનામત રૂ.૪૦૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (એરમેલ) રૂ.૩૦૦૦
લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

'Bhumiputra' Fortnightly Published & Posted at Vadodara RMS on 16-02-2026 R.N.I. No. 1683/57

# પાછા ફરવું

**આમ** તો ઘણો સમય વીતી ગયો છે તોયે મને એ દિવસ બરાબર યાદ છે કે, જ્યારે મીશીગનથી મારા નામનો રજિસ્ટર્ડ લેટર આવ્યો હતો. કેટલાંય વર્ષોથી હું અહીં ઓરેગોનમાં વસી ગયો છું. મને મીશીગનમાં રહેતી એવી કોઈ વ્યક્તિ યાદ નહોતી આવતી જે મને પત્ર લખે. આશ્ચર્ય અને આતુરતાથી મેં પત્ર ખોલીને વાંચવા માંડ્યું. એમાં લખ્યું હતું-

વહાલા ડૉક્ટર સોનેજી,

ખૂબ લાંબા ગાળા પછી તમને પત્ર લખીને મૂંઝવણમાં મૂકવા બદલ માફી ચાહું છું. લગભગ ૫૦ વર્ષ થયાં આપણને છૂટા પડ્યાને, પણ મેં કદી તમારો સંપર્ક ન કર્યો અને આજે આમ અચાનક પત્ર લખું તો મારું નામ વાંચીનેય તમને જલદીથી ઓળખાણ નહીં પડે એ જાણવા છતાં હું મારી જાતને પત્ર લખતાં અટકાવી નથી શકતો. હું ચંદ્રા દાસ. હજી થોડી આગળ વાત કરું તો તમને જરૂર બધું યાદ આવી જશે.

મીશીગન હૉસ્પિટલમાં આપણી પહેલી મુલાકાત થઈ ત્યારે જાણેલું કે, તમે ઓરિસ્સાથી આવેલા ને હું તમારાથી ત્રણ વર્ષ પહેલાં કલકત્તાથી આવેલો. ભલે હું તમારાથી સિનિયર હતો પણ આપણે બંને ભારતીય ધાર્મિક પરિવારોમાંથી આવતા હોવાથી આપણી વચ્ચે બહુ જલદીથી એક જોડાણ થઈ ગયું. હવે તમને યાદ આવ્યું હશે કે, કોઈની પણ સાથે તમારી ઓળખાણ કરાવતી વખતે હું કહેતો, 'આ મારો નાનો ભાઈ છે.' કદાચ તમે કહેશો કે, જેણે આટલાં વર્ષો દરમ્યાન ન ફોન કર્યો કે ન પત્ર લખ્યો એને મોટો ભાઈ કહેવાય? મારી ભૂલ કબૂલ કરીને હવે આ પત્ર લખવાનું પ્રયોજન તમને જણાવું.

હું આજીવન કુંવારો રહ્યો છું. મારાં માતા-પિતાના મૃત્યુ પછી કલકત્તામાં અમારાં જે થોડાં સગાં હતાં એમાંથી કોઈ સાથે મારું જોડાણ ન રહ્યું. ધીમે ધીમે એકલવાયી જિંદગીમાં મેડીસીન જ મારી દેવી બની ગઈ એમ કહું તો ખોટું નથી. હું એમ માનવા લાગ્યો હતો કે, મને કોઈની જરૂર જ નથી, પણ ઉંમર થતાંની સાથે રીટાયર થયો અને શરીર ક્ષીણ થવા લાગ્યું ત્યારે એકલતા કેવી ડરામણી છે એ સમજાવા લાગ્યું.

અધૂરામાં પૂરું હવે મને પેનક્રિયાઝનું કેંસર છે એવું નિદાન થયું છે. મારી પાસે ગણ્યા-ગાંઠ્યા દિવસો બચ્યા છે ત્યારે જેને હું મારું કહી શકું એવું કોઈ મારે માથે હાથ ફેરવીને મને વિદાય આપે એવું ઝંખું છું. આજ્ઞા કરવાનો તો મને હક નથી પણ એક મોટા ભાઈના સંબંધે બોલાવું તો તમે આવશો? મારું મન કહે છે કે, તમે જરૂર આવશો.. હું રાહ જોઉં છું.

લિ. ચંદ્રા દાસ પણ તમારો ચંદ્રાદા

પત્ર વાંચીને એટલું મન ભરાઈ આવ્યું કે, મને પોતાને પણ નવાઈ લાગી કે, જે વ્યક્તિ આ પૃથ્વી પર વસે છે કે નહીં એ પણ હું નહોતો જાણતો એનો પત્ર વાંચીને મને રડવું કેમ આવે છે? અહીંથી મીશીગનનું અંતર ભલે ૩૫૦૦ કિ.મી. જેટલું હોય તો પણ મેં જવાનો નિર્ણય કરીને એમને ફોન કર્યો. સામેથી હર્ષના આવેશથી ધ્રૂજતો એમનો અવાજ સંભળાયો, 'મને ખાતરી હતી કે, તમે આવશો જ, પણ મોડું ન કરશો. મારી પાસે વધુ સમય નથી.' એક ડૉક્ટર હોવાને કારણે હું એમની માંદગીની ગંભીરતા બરાબર સમજતો હતો.

હું પહોંચ્યો ત્યારે એ મને બાથ ભરીને રડી પડ્યા. અમે બેઉ જૂની યાદો મમળાવવા માંડ્યા. મેં જોયું કે, એમને બોલવામાં બહુ શ્રમ પડતો હતો. મેં એમની રજા માંગી ત્યારે મારો હાથ પકડીને એ બોલ્યા, 'રજા તો મારે માગવાની છે, પણ જતા પહેલાં તમને મળી લીધું એનો ખૂબ સંતોષ છે. કાલે ફરી આવશો ને?' મેં હા પાડી. હોટેલ પર જઈને ક્યાંય સુધી એમનો માયાળુ અને આનંદી સ્વભાવ, અમે સાથે ગાળેલા દિવસો એ બધું યાદ કરતાં મોડી મોડી આંખ મળી. સવારે ફોનની રીંગથી આંખ ખૂલી ત્યારે સામેથી નર્સે કહ્યું, 'હી ઈઝ નો મોર.'

એમના ચહેરા પર ગજબની શાંતિ દેખાતી હતી. એમના પગ પકડીને મેં વંદન કર્યા ત્યારે મારી આંખો ભીની થઈ ગઈ. થોડી વાર પછી સોશિયલ વર્કર આવ્યાં એમણે ડૉક્ટર ચંદ્રાનું વીલ વાંચવા માંડ્યું. ઘણી સંસ્થાઓને અને કલકત્તાના દુર્ગા માતાના મંદિરને જે રકમ આપવાની હતી એની ભલામણ વાંચ્યા પછી એમણે આગળ વાંચ્યું કે, 'મારાં અસ્થિનું વિસર્જન સંપૂર્ણ હિંદુ વિધિ પ્રમાણે હરદ્વાર જઈને પવિત્ર ગંગામૈયાના ખોળામાં કરવામાં આવે અને એ બધી વિધિ મારા નાના ભાઈ સમાન ડૉક્ટર સોનેજી કરે એવી મારી અંતિમ ઇચ્છા છે.'

હું તો આ સાંભળીને સ્તબ્ધ થઈ ગયો. શું આ કામ માટે જ એમણે મને બોલાવ્યો હશે? મારી ૮૦ વર્ષની ઉંમરે ભારત જઈને ગંગામાં અસ્થિ પધરાવવાં મારે માટે શક્ય છે? ધારો કે, હું જાઉં પણ ખરો, તો ત્યાંથી પાછો આવી શકીશ કે પછી મારું અસ્થિ વિસર્જન પણ ત્યાં જ કરવું પડશે? વિચારોના આવા ઘમસાણ વચ્ચે મેં નક્કી કર્યું કે, એમણે મારામાં મૂકેલા ભરોસાને સાચો પાડવા પણ હું જઈશ જ.

આજે ગંગાના ધસમસતા પ્રવાહ વચ્ચે હું ચંદ્રાદાનો તાંબાનો અસ્થિ-કુંભ મારી છાતીસરસો ચાંપીને ઊભો છું. પંડાજીની સૂચના મુજબ એક પડિયામાં દીવો પ્રગટાવી, બીજા પડિયામાં ફૂલો મૂકીને ગંગામૈયાને અર્પણ કર્યાં. કુંભ ઊંધો કરીને અસ્થિને પ્રવાહ સાથે તરતાં મૂક્યાં. સાવધાની રાખીને બધું કામ કરવા છતાં ઓચિંતું મેં લથડિયું ખાધું. પંડાજીએ આ જોયું ને દોડતા આવીને મારો હાથ પકડી લીધો.

''અરે બાબુજી, આપકો બોલા થા ઈતના આગે નહીં જાનેકા. અગર કુછ હો જાતા તો આપકો ભી યહીં રહેના પડતા.'' હું એના ચહેરા સામે જોઈ રહ્યો. મને થયું, આણે તો મારા મનની વાત કહી દીધી! એનો સહારો લઈને હું ધીમે ધીમે બહાર નીકળ્યો.

હવે તો હું સહી સલામત મારા ઓરેગોનના ઘરે પહોંચી ગયો છું પણ ફરી ફરીને એવું લાગ્યા કરે છે કે, હરદ્વારથી હું આખેઆખો પાછો નથી ફર્યો. મારો એક અંશ ત્યાં જ રહી ગયો છે- ચંદ્રાદાના અસ્થિની સાથે.

(પ્રસન્ના કે. પાતીની ઉડિયા વાર્તાને આધારે) **- આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું, મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org